# અધ્યાત્મ


**આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક**

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/–** આજીવન **૨૫૧**/–

વિદેશમાં વાર્ષિક રૂા. **૫૦૦/** (વિમાનથી) આજીવન **૫૦૦૦**/–

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફ્લેટસ, હવેલી પાસે આતાભાઇ ભાવનગર–૧. ફોન : **૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: adhyatma_editor@yahoo.co.in
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઇ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫


**★ લેખકોને નિમંત્રણ ★**

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

**★ અધ્યાત્મ અંગે સૂચનો ★**

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ 'સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ'ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઇ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઇટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

**You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website 'swargarohan.org'**

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| સદ્ભાવભરી સહાય | મા સર્વેશ્વરી | ૩ |
| ધ્યાનની અંતરંગ સાધના | યોગેશ્વરજી | ૪ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| બાળકોના હૃદયની સારવાર— 'જાહ્નવી' જેવા સામાયિકોની ભારતને જરૂર છે | સંકલન શ્રેણી (પાક્ષિક) | ૧૨ |
| કરો ના કેમ મને પણ પ્રેમ? (કાવ્ય) | યોગેશ્વરજી | ૧૫ |
| સૂર્યનારાયણ યાત્રા (૮) | મા સર્વેશ્વરી | ૧૬ |
| મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય | પ્રો.તરલા દેસાઇ | ૨૨ |
| ભગવાન સાથે ભોજન | ડૉ. આઇ. કે. વિજળીવાળા | ૨૭ |
| મા સ્વરૂપે પ્રભુને ભજો | સ્વામી રામસુખદાસજી | ૩૧ |
| A Glimpse of Swargarohan | Hiteshbhai | ૩૮ |
| આનંદનો ઝરો (૨) | જ્યોતિબ્હેન થાનકી | ૪૧ |
| એની પાસે જંગલના છાંયડા પાણીભરે | ડૉ. શરદ ઠાકર | ૪૭ |
| કરીએ નિત્ય નમન | નિર્ભયરામ કા. વૈષ્ણવ | ૫૫ |
| જપનો મહિમા | 'હરિના મારગમાંથી' | ૫૬ |
| પ્રિયતમના સુખ માટે... | 'હરિના મારગ'માંથી સાભાર | ૫૮ |
| જીવન : એક ખેલ | 'મારા ગુરુદેવ'માંથી સાભાર | ૬૦ |

# સદ્‌ભાવભરી સહાય

**અધ્યાત્મના આ અંકની પ્રસિદ્ધિનો ખર્ચ મુંબઇ નિવાસી પૂ.માનાં વૃદ્ધ ભક્ત શ્રી વનમાલાબેન આર.મરચન્ટ તરફથી પ્રાપ્ત થયો છે. તે બદલ તેમને ખૂબ ખૂબ અભિનંદન ને ગુરુદેવ પ્રભુને પ્રાર્થના કે તેઓનું સર્વ પ્રકારે મંગલ કરે.**

તંત્રી
અધ્યાત્મ



# ધ્યાનની અંતરંગ સાધના

—યોગેશ્વરજી

### સમય, સ્થાન અને આસન

ધ્યાનની અંતરંગ સાધના માટે કોઇ સુનિશ્ચિત સમય છે ખરો? શાસ્ત્રોમાં બ્રાહ્મમુહૂર્તના સમયને ધ્યાનની સાધના માટે સુંદર સાનુકૂળ સુયોગ્યસમય તરીકે ઓળખાવ્યો છે. એ સમયદરમિયાન બહારનું વાતાવરણ છેકજ શાંત અને કોલાહલરહિત હોય છે. મનપણ શાંત, સરસ, સ્ફુર્તિ, અથવા તાજગીવાળું હોય છે. એવે વખતે ધ્યાનની અંતરંગ સાધના સુખપૂર્વક સહેલાઇથી થઇ શકે છે. મન ઓછા પ્રયત્ને અથવા અનાયાસે આપોઆપ એકાગ્ર થાય છે. એને માટેની સ્થૂળ બહિરંગ ભૂમિકા પૂર્ણપણે તૈયાર હોય છે. એ શાંત કોલાહલરહિત સમયનો સદુપયોગ કરવામાં કે પૂરતો લાભ લેવામાં આવે તો મનને જે અવનવી શાંતિ તથા શક્તિ સાંપડે એની અસર આખા દિવસ દરમિયાન ઇતર પ્રવૃત્તિઓ કરતી વખતે પણ અખંડ રહે. એ સમયની શાંત સાધના આત્મિક અલ્પાહારનું કામ કરે.

છતાંપણ એનો અર્થ નથી કે બ્રાહ્મમુહૂર્તમાં ધ્યાનાદિ સાધનામાટે ના બેસાય તો પાછળથી બેસવું જ નહીં. આત્મસાધનાના અંતરંગ અભ્યાસક્રમને માટે બ્રાહ્મમુહૂર્તનો સમય સર્વોત્તમ હોવાછતાં કોઇ કારણે એનો લાભ ના લઇ શકાય તો તેની પછીના કોઇપણ સાનુકૂળ સમયનો લાભ લેવો જોઇએ. જે

સંજોગોવશાત સવારના સુનિશ્ચિત સમયે ભોજન નથી કરી શકતા તે બપોરે પણ જમે છે, અને બપોરે નથી જમી શકતા તે સાંજે, રાતે અથવા મધરાતે પણ જમી લે છે. એવીરીતે બ્રાહ્મમુહૂર્તનો લાભ ના લેવાય તો પણ શેષ દિવસના અન્ય કોઈપણ સમયનો લાભ લઈને સાધના કરવી જોઈએ. મન જે પણ સમયદરમિયાન શાંત બને સમાહિત થવા તૈયાર થાય, અને બ્રહ્મભાવને ધારણ કરે; જે ઘડી, પળ કે મુહૂર્તમાં સદ્ભાવ તથા સદ્વિચારોથી સંપન્ન તથા સાત્વિક બને, તે ઘડી તેમજ પળ પવિત્ર છે અને મુહૂર્ત બ્રાહ્મમુહૂર્તનો મંગલ મહિમા ધારણ કરે છે.

ધ્યાનને માટેનો બીજો સુયોગ્ય શાસ્ત્રોક્ત સમય સાયંકાળનો છે. એ સમયે પણ બહારનું વાતાવરણ પ્રમાણમાં શાંત હોય છે. આકાશમાં સંધ્યાના રંગો ફરી વળ્યા હોય છે. વિહંગો પોતપોતાના માળામાં પાછાં ફરતાં હોય છે, ગોધન ગામની દિશામાં ગતિ કરે છે. એવે વખતે પણ બાહ્ય પ્રવૃત્તિઓમાંથી કામચલાઉ નિવૃત્તિ લઈને એક સ્થળે બેસીને આત્મવિકાસના અંતરંગ અભ્યાસક્રમનો આધાર લેવામાં આવે તો એ આશીર્વાદરૂપ બને છે.

રાતનો અથવા મધરાતનો સમય પણ કેટલો બધો સરસ અને શાંત હોય છે? એ સુવર્ણસમયે મોટા ભાગના માનવો સુઈ ગયા હોય છે. પ્રકૃત્તિ તદ્દન નીરવ નિસ્પંદન દેખાય છે. એ સમયે કોઈક ભોગી, રોગી કે યોગી જાગે છે. સાધનાત્મક અભ્યાસક્રમની અસાધારણ અભિરુચિવાળા સાધકો કે સંતો



નિદ્રાના સમયમાં સ્વૈચ્છિક કાપ મૂકીને કે નિદ્રાનો પૂર્ણ વિજય કરીને એ શાંત સમયદરમિયાન ધ્યાનાદિ કરતા દેખાય છે. ગીતામાં એવા મહાપુરુષોને માટે જ કહેવામાં આવ્યું છે કે સઘળાં પ્રાણીઓ જ્યારે સુએ છે ત્યારે સંયમી સાધનારત પરમાત્મપરાયણ યોગીપુરુષ જાગે છે.

**या निशा सर्वभूतानां तस्यां जागर्ति संयमी।**

એનો એવો સ્થૂળ અર્થ પણ લઈ શકાય છે.

જેમને એક જ જન્મમાં અને એ પણ બનતી વહેલી તકે પરમશાંતિ, મુક્તિ, કે પૂર્ણતા મેળવવી હોય તેમણે નિદ્રાના નિર્ધારીત સમયમાં કાપ મૂકીને સાધનાપરાયણ બનવું જ જોઈએ. પ્રમાદને પરિત્યાગવો જોઈએ. સવારે વહેલા ઉઠવા માટે અથવા બ્રાહ્મમુહૂર્તનો લાભ લેવા માટે રાતે વહેલા સુવાની અને રાતનું ભોજન છોડી દેવાની અથવા રાતે બને તેટલું વહેલું અને ઓછામાં ઓછું, અલ્પાહાર જેટલું ભોજન કરવાની ટેવ પાડવી પડશે. રાતે વહેલા સુવાથી સવારે વહેલા ઉઠવાનું સરળ બનશે. આજનું આપણું જીવન મોટે ભાગે કૃત્રિમ બની ગયું છે. એમાં રાતના ઉજાગરા અને મોડી રાતનાં ભોજન સર્વસામાન્યજેવાં થઈ પડ્યાં છે. પરંતુ સાધનાની અભિરુચિવાળા સાધકોએ એમાં ફેરફારો કરવા રહેશે. તે સિવાય છૂટકો નથી.

# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

**—મા સર્વેશ્વરી**

**વર્ષ : ૩૭ ઓગસ્ટ—૨૦૧૫ અંક ૧૧**


## શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

### દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ(૮)
### તા.૨૯/૧૧/૮૨, સોમવાર, કારતક સુદ તેરસ ૨૦૩૯
### પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

સવારના સાડા ત્રણ વાગ્યા છે. પૂ.શ્રી સ્નાન કરવા જાય છે. હાથમાં બ્રશ ને ઊલિયું છે. બીજા હાથમાં બે વારનો સફેદ ટુકડો છે. સ્નાન કરીને તરત પૂ.શ્રી શીર્ષાસન કરવા માંડે છે. નિયમિત, અતિનિયમિત ક્રમ છે. વ્યાયામ, મંત્રજપ, દૂધ પીવું, લેખન એ જ ક્રમ. કોઇ ફેરફાર નહીં.

''મહાભારતનાં મોતી'' નામનું પૂ.શ્રીનું નવું પુસ્તક પ્રગટ થશે. તે પુસ્તકના શ્રીગણેશ આ ધરતી ઉપર મંડાયા છે. એ તેની વિશેષતા ગણાશે. કેટલાયે પ્રસંગો લખાઇ ગયા છે. સાથે સાથે દક્ષિણ આફ્રિકાની પ્રવાસ—નોંધ પણ પૂ.શ્રી લખી રહ્યા છે.

સાડા અગીઆર ને પોણા બારની વચ્ચે ભોજન લેવાનું બને છે. મગ, ભાત, શીરો, શાકનું ભોજન લીધું.



આજે શ્રી. રતિભાઇ પૂ.શ્રીને ફરવા લઇ જવા માટે આવે છે. દરિયાકિનારાનું બંદર જોવા માટે જવું જોઇએ. પણ મારે મૌન હોવાથી એ કાર્યક્રમ પૂ.શ્રી બંધ રાખે છે. શ્રી. રતિભાઇ સેવાભાવી સજ્જન છે. પૂ.શ્રીની સર્વપ્રકારની સેવા કરવા તેઓ તક શોધ્યા કરે છે. તેઓની સાથે પૂ.શ્રી વાતો કરે છે.

શ્રી. રતિભાઇ પૂછે છે : આપનું જીવન કેવી રીતે ચાલે છે? કંઇ પણ જરૂરિયાત હોય તો મને જણાવજો.

પૂ.શ્રીએ પ્રશ્નના ઉત્તરમાં પોતાની સાધનાકાળની વાતો કરી કહ્યું : પ્રભુ થોડી કસોટી તો કરે જ. પણ માયાપતિ પ્રભુનું સાચું શરણ લેનાર માટે માયા પણ દાસી બની જાય છે. છેલ્લાં કેટલાંયે વરસોથી હું અનુભવું છું કે અમારું જીવન વણમાગ્યે ખૂબ સારી રીતે ચાલ્યા કરે છે. પ્રભુની પ્રામાણિક નોકરી કરી તો હવે પેન્શન પાકી ગયું હોય એમ લાગે છે.

શ્રી. રતિભાઇ સાથે વાતચીતમાં પૂ.શ્રીએ ઉડિયાબાબાનો અનુભવ પણ કહી સંભળાવ્યો. સમય થતાં શ્રી. રતિભાઇ વિદાય થયા.

પૂ.શ્રી આજકાલ રામકૃષ્ણ સેન્ટરનું અંગ્રેજી માસિક 'જ્યોતિ' વાંચે છે. પછી થોડો આરામ કરે છે.

ગઇકાલની અને આજની ડાયરીનું લેખન કરી, હું પણ રામાયણનો પાઠ કરું છું.

અહીં આવ્યાના બીજા જ દિવસથી સમૂહધ્યાનની બેઠક શરૂ થઇ છે. ધ્યાનસાધનામાં રસ લેનાર ભાઇબહેનો અહીં પણ છે. આજે પણ તે બેઠક સાંજે ૬ થી ૭ થઇ. ધ્યાનમાં એક ભાઇ આજે નવા આવ્યા હતા. પૂ.શ્રીનાં અંગ્રેજી પ્રવચનો સાંભળ્યા પછી ખૂબ પ્રભાવિત થયા છે. તેમના વિસ્તારમાં એક હૉલ છે.

શહેરની બહાર ત્યાં પૂ.શ્રીનાં પ્રવચનો ગોઠવવા તેઓ માંગે છે. અંગ્રેજી જાણનાર પૂ.શ્રીનો પૂરેપૂરો લાભ લેવાય તે માટે તેઓ કાર્યકર્તાઓને નવાં નવાં સૂચનો કરે છે.

ધ્યાનની આ બેઠકમાં બે ભાઇઓ પગની તકલીફને લીધે ખુરશી ઉપર બેસે છે. બાકી સૌ નીચે પદ્માસન કે અર્ધપદ્માસન કે પલાઠીમાં બેસે છે.

ધ્યાનની બેઠક પછી સાતથી સવા સાત સુધીમાં અમે બટાકાપૌંઆ ને સેવમમરાનો નાસ્તો લઇએ છીએ.

સાડા સાતે ભારત હૉલમાં જવાનું બને છે. મંચ ઉપર એક મોટી ને એક નાની બેઠક છે. મંચની બાજુમાં ગાંધીજી ને જવાહરની તસવીરો છે. વળી, બીજા પણ ઘણા ફોટા છે. ખુરશીવાળા આ હૉલમાં શ્રોતાઓ આવીને બેસી ગયા છે. સમયસર પ્રવચન શરૂ થાય છે. છેવટે આરતી થાય છે. સાડા નવ વાગ્યે કાર્યક્રમ પૂર્ણ થાય છે. ઉતારો નજીક જ છે. આવી જઇએ છીએ. પછી દૂધ પીને આરામ.

**તા.૩૦–૧૧–૮૨, મંગળવાર, કારતક સુદ ચૌદશ ૨૦૩૯**
**પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર**

મળસ્કે સાડા ત્રણ વાગ્યે સ્નાન પછી. એક કલાક વ્યાયામ. પછી મંત્રજપ. વળી, સાત વાગ્યાથી સાડા દશ સુધી એકધારા લેખનનો ક્રમ. પછી, શરીર થોડો તો વિશ્રામ માંગે જ ને! એટલે પલંગ ઉપર સૂતાં સૂતાં પૂ.શ્રી ફરીથી માળા ફેરવવા લાગે છે. સાથે થોડો આરામ પણ મળી જાય છે.

અહીં આવીને પૂ.શ્રી એકધારા લેખનનો શ્રમ કરી રહ્યા છે. વળી, ઘણીવાર દિવસના ત્રણ–ત્રણ કાર્યક્રમો પણ કરવાના હોય છે. પ્રભુની કૃપાથી શરીર સ્વસ્થ રહે છે.



પૂ.શ્રી આજે વાત કરતાં કહે છે : અંગ્રેજી બોલવાનો મહાવરો નથી. ભારતમાં તો એ થતું જ નથી. અહીં આવીને ચાર વાર અંગ્રેજીમાં વાર્તાલાપ થયો એ પ્રભુની જ કૃપા કહેવાય. વિવેકાનંદ ઉપર પણ એવી જ કૃપા હતી ને! આ દેશમાં અંગ્રેજીમાં ઘણા કાર્યક્રમ થયા ને હજી થશે.

પૂ.શ્રીનું અંગ્રેજી ભાષા ઉપરનું પ્રભુત્વ વિશાળ વાચન, લેખન કે વાતચીતની તાલીમને લીધે નથી. પૂ.શ્રી અંગ્રેજી વાચન પણ ખાસ કરતા નથી. પ્રભુની પૂર્ણકૃપાથી એકધારું પ્રભાવશાળી વકતવ્ય પૂ.શ્રીના શ્રીમુખેથી વહ્યા કરે છે. એક જ વાર સાંભળનાર બીજા પ્રવચનમાં અવશ્ય હાજર થઈ જ જાય છે. રામાયણ સભા હૉલમાં પૂ.શ્રીએ અંગ્રેજીમાં જ પ્રવચન આપ્યું. ત્યાં ડરબનના અંગ્રેજ મયેર પણ હાજર હતા. તે કાર્યક્રમમાં શ્રોતાઓનો તો પાર ન હતો. પરિણામ એ આવ્યું કે પૂ.શ્રીને રામાયણ સભા હૉલમાં સાંભળનાર કેટલાંયે મંડળોના પ્રતિનિધિઓએ પૂ.શ્રીના અંગ્રેજી કાર્યક્રમની પોતાના વિભાગ માટે માગણી કરી. ત્યાં હાજર રહેલા સમાચારપત્રોના પ્રતિનિધિઓએ પૂ.શ્રીની મુલાકાત લેવાનું વિચાર્યું.

એવા કાર્યક્રમો પાછળ કાર્યકર્તાઓએ કોઇ વિનંતી કે ગોઠવણ કરવાની રહેતી નથી. આપોઆપ જ પૂ.શ્રીની વાણીનો એવો જાદુઇ પ્રભાવ છે કે સામેથી કાર્યક્રમની માગણી થતી રહે છે.

'ધ લીડર' નામના અંગ્રેજી સમાચારપત્રના પ્રતિનિધિ આજે સામેથી મળવા આવનાર છે. પૂ.શ્રીની તેઓ મુલાકાત લેશે.

આજે ભોજનમાં દાળ, ભાત, પૂરણપોળી લીધાં.

ભોજન બાદ 'ધ લીડર'ના પ્રતિનિધિએ ૧૨ થી ૧॥ના સમયે

મુલાકાત લીધી. મુલાકાત લગભગ દોઢ કલાક ચાલી. અંગ્રેજીમાં પ્રશ્નોત્તરી થઈ. તેનો અહેવાલ તા.૨–૧૨–૮૨ના પેપરમાં આવશે એવી પણ તેમણે જાણ કરી. આવનાર પ્રતિનિધિએ વિવિધ વિષયો ઉપર અંગ્રેજીમાં પ્રશ્નો પૂછ્યા. પૂ.શ્રીએ તેમને સંતોષ થાય એવા પૂર્ણરૂપમાં ઉત્તરો પ્રદાન કર્યા. વળી, તેમણે પૂ.શ્રીની અને મારી તસવીરો પણ લીધી.

આજે સાંજે ગાંધીજીનાં પુત્રવધૂ શ્રી.સુશીલાબેન ગાંધીને મળવાનું બન્યું. ગાંધીજીની સાથેના પ્રેરક પ્રસંગોની તેમણે રસલ્હાણ ધરી. તેમણે ફિનીક્ષ આશ્રમમાં ત્રીસમી જાન્યુઆરીએ પૂ.બાપુના નિર્વાણદિને થતા વિશેષ કાર્યક્રમમાં પૂ.શ્રીને એક પ્રવચન આપવાની આગ્રહભરી વિનંતિ કરી. પૂ.શ્રીએ એ અંગે હા પાડી.

સાંજે ૬ થી ૭ ધ્યાનની બેઠક થઈ. ધ્યાનસાધનાના રસિક ભાઈઓએ એમાં દરરોજની જેમ લાભ લીધો. પૂ.શ્રીના સાંનિધ્યે તે સૌને ધ્યાનસાધનામાં શાંતિ મળે છે, આનંદ આવે છે. તેથી જ આ કાર્યક્રમ નિયમિત રીતે અહીંના આગમનના બીજા જ દિવસથી તેઓએ માંગ્યો હતો, અને તે ચાલ્યા જ કરે છે.

ગીતાના ભક્તિયોગ ઉપર ભારત હૉલમાં આજે સમયસર પ્રવચન થયું. તેમાં સંત એકનાથ, મીરાંબાઈ, કબીર સાહેબ, શ્રી રામકૃષ્ણદેવના જીવનના પ્રેરક પ્રસંગોની પૂ.શ્રીએ ચર્ચા કરી.

પ્રવચન બાદ આયોજકો સાથે પૂ.શ્રી ઉતારા ઉપર આવ્યા. દૂધ લઈ આરામ કર્યો.

**(ક્રમશઃ)**



# બાળકોના હૃદયની સારવાર— 'જાહ્નવી' જેવા સામાયિકોની ભારતને જરૂર છે

**—સંકલન શ્રેણી (પાક્ષિક)**

### બાળકના હૃદયની હોસ્પીટલ

(અહીં આ વિગત એટલા માટે આપી છે કે દરેક વાંચક— તેની નોંધ ટેલિફોન નંબર, સંસ્થાનું નામ ને સ્થળની અંગત ડાયરીમાં કરી લે. જેથી કોઈક વખતે તે યોગ્ય દર્દીને ખૂબ ઉપયોગી ને ભારે મદદરૂપ થાય.) **—તંત્રી**

**બાળકોના હૃદયની હૉસ્પિટલ, જ્યાં કેશ—કાઉન્ટર જ નથી!**

આ હોસ્પિટલનો આકાર જ માત્ર હૃદય જેવો નથી, પરંતુ એનું હૃદય પણ ઘણું મોટું છે, તે છે છત્તીસગઢના નવા રાયપુરના **'સાંઈ ચાઈલ્ડ હાર્ટ સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ.'** અહીં બાળકોના બીમાર હૃદયનો ઈલાજ થાય છે, તે પણ મફત. હોસ્પિટલના પ્રશાસને તો કેશ—કાઉન્ટર જ નથી બનાવ્યું. ખાનગી હોસ્પિટલોમાં તો આવા ઈલાજ ઉપર ૩ થી ૧૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ થઈ જાય છે. સાંઈ ટ્રસ્ટ આ હોસ્પિટલનો ખર્ચ ઉઠાવે છે.

અહીં દેશના ૧૭ રાજ્યો ઉપરાંત નેપાળ, ઈન્ડોનેશિયા, પાકિસ્તાન અને બાંગ્લાદેશમાંથી પણ દર્દીઓ આવે છે. ઈલાજ ઉપરાંત દર્દી તથા એના એક એટેન્ડન્ટના રહેવા—જમવાનું પણ મફત છે. બીજો એટેન્ડન્ટ મફત રહી શકે છે, પરંતુ જમવાના પૈસા આપવા પડે છે.

છેલ્લાં ત્રણ વર્ષમાં દેશભરના ૭૭૬ બાળકોના સફળ ઓપરેશન કર્યાં છે. ઉદાહરણ ઓરિસ્સાના કાલહાન્ડીના સોમનાથ નાઈક અને એની પત્ની નિલેન્દ્રીના ૧૬ માસના દિકરા વૃંદાવનના હૃદયમાં ચાર કાણાં (છિદ્ર) હતા. એમણે આશા છોડી દીધી હતી. ૨૮ જાન્યુઆરીના રોજ અહીં દાખલ કરાયા અને ૨૦મી ફેબ્રુઆરીએ ઓપરેશન થયું. હવે તેને સંપૂર્ણ સારું છે. મહારાષ્ટ્રના અકોલાના ખેડૂત વિજય અમ્મોરેની એક વર્ષની દીકરી લાવણ્યના હૃદયમાં ચાર એમ. એમ.નું છિદ્ર હતું. અગાઉ બે–અઢી લાખનો ખર્ચ થઈ ગયો પરંતુ બીમારી ઠીક ન થઈ. ૧૯મી ફેબ્રુઆરીએ તેને અહીં દાખલ કરવામાં આવેલ. હવે તે સંપૂર્ણપણે સ્વસ્થ છે.

**સંપર્ક સૂત્ર :** સોમવારથી શુક્રવાર સુધી સવારે ૯ થી બપોરના ૩ વાગ્યા સુધી. **મોબાઈલ :** ૦૯૪૨૪૨૦૭૧૪૦, ૦૭૭૧–૨૪૪૫૮૦૦. ઈમરજન્સીમાં પ્રાથમિકતા–કટોકટી સ્થિતિમાં લાવવામાં આવેલ દર્દીને તત્કાલ દાખલ કરવામાં આવે છે.

### ‘જાહ્નવી’ જેવા સામયિકોની ભારતને જરૂર છે

‘સમાજની દિશાના નિર્ધારણમાં મીડિયા મહત્ત્વની ભૂમિકા ભજવે છે. આથી આપણને એવા અખબારો તથા સામયિકોની જરૂર છે કે સમૃદ્ધિ અને આરોગ્યપ્રદ અંતર્વસ્તુ ધરાવતા હોય. અગ્રણી હિન્દી સામયિક ‘જાહ્નવી’ આ ભૂમિકા સંપૂર્ણ જવાબદારી સાથે છેલ્લા ૫૦ વર્ષથી નિભાવે છે. એમ આર. એસ. એસ.ના સહકાર્યવાહ ડૉ. કૃષ્ણગોપાલે નવી દિલ્હીમાં



સામયિકના ગોલ્ડન જ્યુબીલી ઉજવણી અંગેના કાર્યક્રમમાં જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું, ઈલેક્ટ્રોનિક મીડિયાના પ્રભાવને લઈને અનેક સામયિકો મુશ્કેલીઓ અનુભવે છે અને તેમાંના કેટલાંક બંધ પડી જવાની સ્થિતિમાં છે. આ પરિસ્થિતિમાં ‘જાહ્નવી’ જેવા સામયિકોને બધાના ટેકાની જરૂર છે. તેમણે કહ્યું કે, લોકોને તેમના મૂળમાંથી અલગ કરવાના કાવતરાઓ થઈ રહ્યા છે. આવી પરિસ્થિતિમાં ‘જહાન્વી’ જેવા સામયિકના ફાળાને કોઈ અણદેખો કરી ન શકે? તેમણે કહ્યું કે, પશ્ચિમનો ભૌતિકવાદી સુનામીનો સામનો માત્ર ભારતીય આધ્યાત્મિકતાથી જ થઈ શકે તેમ છે.’

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**
**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
તેમ જ
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

# કરો ના કેમ મને પણ પ્રેમ?

—યોગેશ્વરજી

કરો ના કેમ મને પણ પ્રેમ?
ચાહું તમને દિલથી સાચે,
ચાહો ન તમે કેમ? કરો ના.
લોચન તમને જોવા ઝંખે ખૂબ જ આતુર જેમ,
સંગીતસ્વરો સુણવા ચાહે શ્રવણ તમારા તેમ. કરો ના.
રાગ થકી રંગાઈ રટતાં રોમ રસિકની જેમ,
તમે તો ય ના કૃતજ્ઞતાથી રટતાં મુજને કેમ? કરો ના.
કપટ નથી કૈં મારા પ્રેમે, નથી મલિનતા તેમ,
પવિત્ર છે ગંગાજલ જેવો, વિશુદ્ધ જાણે હેમ. કરો ના.
ઉર ખુલ્લું છે શરદઋતુના મારું નભની જેમ,
તમારે જ માટે તે તલસે, ના જાણું કે કેમ! કરો ના.
સ્થાન તમે તેમાં ના લેતાં તોપણ સાચે કેમ?
પ્રકટો કેમ તમે ના પ્રેમે કરવા તેનું ક્ષેમ? કરો ના.
કાળ કઠિન આ દૂર કરી દો, કરી દો હવે પ્રેમ;
મિલનની મધુર ઉષા ઉદિત હો, પાગલ પ્રાર્થે એમ. કરો ના.



# સૂર્યનારાયણ યાત્રા (૮)

—મા સર્વેશ્વરી

**૩/૭/૨૦૧૪, ડાઉસન સીટી થી વ્હાઈટહોર્સ (યુકોન, કેનેડા)**

આ કેનેડાનું ડાઉસન સીટી નામનું સ્થાન જગપ્રસિદ્ધ છે.

સૂર્યનારાયણના દર્શન માટે વ્યક્તિગત આપણા માટે એ વિશેષ સ્મરણીય ગણાય.

પણ આ ડાઉસન સીટીનું નામ સુવર્ણનગરી (સોનાનું શહેર) પણ આપી શકાય.

હા. આ ધરતી સુવર્ણનગરી છે. અહીં ઈ.સ.૧૮૮૫માં આ ધરતી માતાના ગર્ભમાંથી સોનાની ધાતુ મળી આવી.

૧૯૮૫—૮૬માં ૪૮૪૦ ઔંસ સોનું મળ્યું.

૧૯૮૭માં ૩૩૯૦ ઔંસ મળ્યું. દર વરસે આ ધરતીમાતા પોતાના સંતાનોને પોતાના દિવ્ય કુબેર ભંડારમાંથી સુવર્ણ પ્રસાદ ધરતી જ રહી છે.

એકવાર એક કિંમતી ભેટ આપીને સંસારી માતા પણ અટકી જતી જોવા મળે છે, પણ આ તો દિવ્ય અલૌકિક મહાલક્ષ્મી માતા. પોતાના કેનેડિયન સંતાનોને ખોબલે ખોબલે દર વરસે વહેંચતાં રહે છે.

**ગણ્યા ગણાય નહીં**
**વીણ્યા વીણાય નહીં**
**તોયે મારા આભલામાં માય નહીં.**

આભલે વસતા તારલા માટેની આ પંક્તિ અહીં સોનાની

ધાતુ માટે મૂકી શકાય.

અ—ધ—ધ—ધ દર વરસે એ સુવર્ણ પ્રસાદ વધતો રહ્યો. સરકારી દફતરે નોંધાતો રહ્યો.

ઈ.સ.૧૮૮૫ને આજે તો ૧૨૯ વરસ વીતી ગયાં.

★ ૧૨૯ વરસથી દર વરસે ધરતી માતાએ ગણ્યો ગણાય નહીં એટલો બધો પ્રસાદ ધર્યો છે. ૧૨૯ વરસમાં

૧૩,૬૪૪,૧૧૨ અંશ સોનું મળ્યું છે. એક કરોડ, ૩૬ લાખ, ૪૪ હજાર, એકસોબાર અંશ જેની કેનેડિયન ડૉલરમાં કિંમત છે.

$ <u>1,593,514,000</u>

એક અબજ, ૫૯ કરોડ, ૩૫ લાખ, ૧૪ હજાર ડોલર

કેનેડાની આ ધરતી આશીર્વાદ પામેલી કલ્પવૃક્ષ જેવી જગન્નમાતા છે. આદ્યશક્તિ, પરાશક્તિ જગત જનની જગદંબા મહાલક્ષ્મીનો અહીં ૧૮૮૫થી નિવાસ છે.

એ મહાલક્ષ્મી હજાર હાથે માનવસમાજ માટે વરસી રહી છે.

હવે આ બધી વિગતો વાંચીને તો સુવર્ણનગરી નામ સંપૂર્ણ રીતે યોગ્ય જ લાગે છે ને!

એટલે માની મંડળીની આ સુવર્ણયાત્રા થઈ ગણાય ને!

અહીંના બજારમાં સોનાના ઘરેણાઓ, અરે! નાની નાની શીશીઓમાં પણ ૧૦,૧૦ ડૉલરમાં સોનાના વરખ પણ વેચતા મળે છે.

કેનેડાના આ યુકોન રાજ્યમાંથી ૮૮ ટકા સોનું આ ડાઉસન સીટીની ધરતીમાંથી મળે છે.



એક એવો પણ યુગ હતો કે વિશ્વનું ચોથા નંબરનું આ સોનાનું ઉત્પાદન કરતું કેન્દ્ર ગણાતું હતું.

કોઈ પૂછે ક્યાં યાત્રા કરી આવ્યા તો આપણી મંડળી જવાબ આપી શકે અમે તો સુવર્ણનગરીનાં દર્શન કરી આવ્યા.

સૂરત સોનાની મૂરત

લંકા સોનાની નગરી

એવું તો વરસોથી સાંભળેલું પણ વિદેશની આ મહાલક્ષ્મીના વિશેષ વરદાનથી વિભૂષિત થયેલી ધરતી ઉપર જઈ આવ્યા એવું ગૌરવ સાથે આ મંડળી જાહેર કરી શકશે.

અહીં તો જાણે ધરતી સુવર્ણમયી અને આકાશ પણ સુવર્ણમયી આભાથી સુશોભીત.

જે સ્થળ, જે ધરતી ને જે આકાશ સોનાથી મઢેલા હોય તેને દિવ્યલોક નામ પણ આપી શકાય.

ધરતી ને આકાશ બન્ને અલૌકિક. બન્ને સ્મરણીય. બન્ને નોંધપાત્ર. બન્ને દર્શનીય. બન્ને ભૌગોલિક ક્ષેત્રે ઐતિહાસિક.

આકાશેથી સૂર્યનારાયણ લક્ષકોટિ સોનેરી કિરણો વરસાવી અહીં આશીર્વાદ વરસાવી રહ્યા છે. અખંડ આશીર્વાદ મધ્યરાત્રિએ કે મળસ્કે, કે મધ્યાહ્ને અખંડ સૂર્યદર્શન.

અને ધરતીમાતા છેલ્લા ૧૨૯ વર્ષથી શતાબ્દીથી સુવર્ણથી ઝળહળા થઈ રહી છે.

આ લક્ષકોટિ સોનેરી સૂર્યકિરણો આવનાર પ્રત્યેક દર્શનાર્થીઓના અનંત જન્મોના અંધારપટને ક્ષણમાં પરમપવિત્ર કરીને ઝળહળ જ્યોત બનાવી દે તેવા સમર્થ છે.

ડૉક્ટરની એક જ નાનકડી બેટરી દેહની આરપારનું સઘળું

બતાવી દેવા શક્તિમાન છે.

તો અહીં તો સૂર્યનારાયણ પ્રત્યક્ષ પ્રગટ આદિદેવ પોતાના લક્ષકોટિ કિરણોથી જીવને પ્રકાશીત, ઉજળો કરવાનું અખંડ યજ્ઞકાર્ય કરતા રહ્યા છે.

ધરતીમાતા ખોબલે ખોબલે સુવર્ણદાન કરતા રહે છે ને આભલે બિરાજેલા જગદ્‌પિતા પ્રાણદાતા આદિદેવ સહસ્ર કિરણો રૂપી વરસ હસ્તથી છત્ર ધરતા રહ્યા છે.

આ ધરતીનાં સર્વ સંતાન મહાલક્ષ્મી માતા અને જગદ્‌પિતાના અખંડ આશીર્વાદ પામવા ભાગ્યશાળી બન્યા છે એવું નોંધી શકાય.

સોનાની નગરીમાં છીએ પણ તે પણ આપણી ક્યાં છે? આપણે તો યાત્રી, પ્રવાસી, મુસાફર, મુલાકાતી, દર્શનાર્થી.

એટલે આજે આપણી મંડળી મંત્રગાન કરી રહી છે.

મા તુઝે સલામ

મા તુઝે સલામ

મંત્રગાન સાથે સૌ ધરતીની વિદાય લઈ રહ્યા છે. આ સુવર્ણનગરીનાં પાદરે એક પ્રવાસીને પણ વિકાસ, અનિલ મળી લે છે.

એ પ્રવાસી જર્મનીમાં રહે છે. ૨૦ વરસ પહેલાં અહીં કામ કરતા હતા.

વીસ વરસ પછી તો તે ભાઈ અહીં ફરી આવ્યા છે.

પેરાગ્લાઈડીંગની પ્રવૃત્તિ એમનો વિશેષ શોખ છે.

આકાશી છત્રીમાં ઉડ્ડયન.

આપણી મંડળી પાદરે આવી ત્યાં જ આ પ્રવાસીભાઈ પેલા નાનકડા બાગમાં પેલી આકાશી છત્રી સાથે ઉડતા ઉડતા નીચે ઉતરી રહ્યા છે.



એ જોતાં જ શ્રી જગુભાઈને મા સૂચના આપે છે, ગાડીની ઝડપ વધારો ને આગળ ગાડી લો.

સમયસર પહોંચી ગયા ત્યારે એ ભાઈ ધરતી સ્થિર થવા મથી રહ્યા હતા. અને પાછા બે પાંચ મિનિટમાં ફરી આકાશમાં ઉડવાની મથામણ શરૂ કરી રહ્યાં છે.

અર્ધચંદ્રાકાર લાંબી છત્રી, પતંગ જેવો આકાર અને એ છત્રી સાથે ૧૫, ૨૦ પાતળા તાર જોડ્યા છે. તે દરેક તારનો એક જોજાણ આ પ્રવાસી ભાઈના હાથમાં છે.

છત્રીમાં હવા કુદરતી રીતે ભરાઈ એટલે પવનની દિશામાં છત્રી ઉડવા માંડે તેની સાથે વ્યક્તિ પણ ઉડે.

પણ એને માટે તાલિમ જોઈએ. એનું શિક્ષણ પાકું હોય તો જ એ રમત, એ શોખ, એ પ્રવૃત્તિ સફળ થાય. બધા જ તારનો કન્ટ્રોલ વ્યક્તિનાં હાથમાં—તાર જ સ્ટીઅરિંગનું કામ કરે. બ્રેકનું કામ કરે.

આ બધું નજીકથી જોવા મળ્યું. તે પછી મા વિકાસ, અનિલને તેની મુલાકાત લેવાનું સૂચવે છે.

તે જ વખતે બેન ક્ષીપ્રા કેન્ડીના સાત પેકેટ આજની યાત્રા માટે—મંડળી માટે લાવે છે. મા એક પેકેટ આ જર્મન પ્રવાસી ભાઈને પણ આપવા મોકલે છે.

આકાશગમનની વાત શાસ્ત્રમાં વાંચી છે. સંતોએ સાધના દ્વારા અનુભવી છે. પણ તે સૂક્ષ્મ વિષય છે.

અહીં તો ઉઘાડી આંખે આકાશગમન. અને તે પણ અમુક

ઉંચાઇ સુધી જ.

દિવ્ય અનુભૂતિ અમર્યાદિત. અને આ અનુભવ મર્યાદિત.

પાદરે ક્ષણિક મળીને બન્ને ગાડી પાછા પેલા વ્હાઇટહોર્સનાં શહેરમાં પહોંચવા ૭, ૮ કલાકની લાંબી યાત્રાનો આરંભ કરે છે.

આખો દિવસ વીતી ગયો. એ જ હરિયાળી વનરાજી, એ જ પ્રાકૃતિક સૌંદર્યને મનમૂકીને માણતા માણતા સાંજે ૬–૩૦ વાગ્યે વ્હાઇટહોર્સ શહેરમાં પહોંચી ગયા.

૦૫૩૩ કિલોમીટરનું અંતર પરમસખાની પરમકૃપાથી, આશીર્વાદથી સુરક્ષિત રીતે કપાતુ રહ્યું.

અખંડ પડખે રહીને સૌ યાત્રીઓની રક્ષા કરી. દિશા બતાવી આનંદ ધર્યો.

એ પરમસખાનું સ્મરણ ગાડી જેટલી વાર વિશ્રામ પછી પ્રસ્થાન કરે ત્યારે ત્યારે નવ મંત્રગાનથી સૌ વંદન કરી લે છે.

પરમસખા સામે પક્ષે સુરક્ષિત રાખીને લક્ષ્યસ્થાન ઉપર ઉતારે છે.

માળા થઇ ગઇ છે. ગઇકાલથી પ્રણામ પણ થઇ રહ્યાં છે. પ્રાર્થના પણ થઇ ગઇ છે. હે સખે! પ્રણામ પ્રણામ પ્રણામ.

**(ક્રમશઃ)**



# મા સર્વેશ્વરીનું આંતર ઐશ્વર્ય

**–પ્રો.તરલા દેસાઇ**

૧૯૭૯માં મોરબીની શિબિરમાં જવા નીકળેલાં 'મા' પૂજ્યશ્રી યોગેશ્વરને હાર્ટએટેક આવતાં અમદાવાદની વિવેકાનંદ હૉસ્પિટલમાં એમની સેવા માટે રોકાઇ જાય છે અને ટપાલમાં જ શાળાના આચાર્યપદનું રાજીનામું મોકલી આપે છે. પિતાજીને પણ પોતાના નિર્ણયની જાણ કરતો પત્ર પાઠવી દે છે. સંસ્થાનો ત્યાગ, ગૃહત્યાગ અને સંસારત્યાગ તત્ક્ષણ કરી દેતાં 'મા' ગૌતમ બુદ્ધના મહાભિનિષ્ક્રમણના ઇતિહાસનું પુનરાવર્તન કરી રહે છે. પૂજ્યશ્રી ''મા'ના આગમનને વધાવતાં કહે છે : 'મા' જગદંબા પોતે જ એમનું સ્વરૂપ ધારીને અણીને વખતે મારી સેવા માટે આવી પહોંચ્યાં. એ બાહ્ય રીતે નિર્બંધ બન્યાં. સ્કૂલના સીમિત ક્ષેત્રને છોડીને સંસારના વિશાળ સેવાક્ષેત્રમાં પ્રવેશ્યાં.' જ્યારે નમ્રાતિનમ્ર 'મા'એ પોતાના પદમાં લખ્યું :

'લીલા સરજી મને પાસે બોલાવી, જીવનમરણની બાજી ખેલી કૃપાની ધાર રેલી, પીયૂષની પ્યાલી રે પ્રભુજીએ પાઇ.'

૧૯૮૦થી ૧૯૮૪ સુધી દેશવિદેશની અનેક યાત્રાઓ, પ્રવચનો, શિબિરો, લોકકલ્યાણ પ્રવૃત્તિઓમાં 'મા' પૂજ્યશ્રી સાથે જ રહ્યાં.

૧૯૮૪માં પોતાના પરમ આરાધ્ય બ્રહ્મલીન થઇ જતાં 'મા'થી અન્નત્યાગ થઇ ગયો અને પૂજ્યશ્રીને પ્રિય તમામ ફળો પણ 'મા'એ ત્યજી દીધાં. આંતરે દિવસે નિર્જળા ઉપવાસ અને રોજ ફળ–દૂધ–છાશ અતિ અલ્પ માત્રામાં લેનાર 'મા'એ

૧૯૯૫થી મૌન લીધું. 'મા'નો આત્મા સતત પરમાત્માની સંનિધિમાં હોઇ તેઓશ્રી સદા પ્રસન્ન, શાન્ત રહેવા પામ્યાં છે. 'મા'ના અનોખા આત્મબળને કારણે એમને અનેક વાર પ્રકાશદર્શન, સંતોનાં સૂક્ષ્મ સ્વરૂપો સાથે સંનિધિ, વાર્તાલાપ, આકાશવાણી, અંતરઆત્માના અવાજનું શ્રવણ, સોનેરી અક્ષરદર્શન, પ્રભુના આદેશો, સૂચનો, સંકેતો તેમજ પૂજ્યશ્રી સતત સાથે જ છે એવી અનેકાનેક દિવ્ય આધ્યાત્મિક અનુભૂતિઓ ઉપલબ્ધ થઈ છે. 'મા'ના સર્વશક્તિમાન હોવાના, અંતર્યામીપણાના અનુભવો 'મા'ના પરમ સાન્નિધ્યમાં ઘણા સાધકોને થયા છે—આજે પણ થાય છે.

**તીર્થનું તીર્થાટન**

જે સ્વયં તીર્થ છે તેમને તીર્થાટનની શી જરૂર? પણ 'મા' એ એવાં વાત્સલ્યમયી સંત છે કે, બાળકો—ભક્તોના કલ્યાણાર્થે તેઓશ્રી વિદેશો તેમજ દેશમાં વિવિધ યાત્રાઓ યોજે છે. (પૂજ્યશ્રી યોગેશ્વરજી સાથે 'મા' એ દક્ષિણ આફ્રિકા, ઝામ્બિયા, અમેરિકા, કેનેડા તેમજ ઇંગ્લેન્ડમાં યાત્રાઓ કરેલી.) ગંગાજીની યાત્રા વિનાનું કોઇ વર્ષ 'મા'નું નહીં હોય; જાણે ગંગાજી 'મા'નો અવિભક્ત આત્મા ન હોય!

દરેક યાત્રામાં તે તે સ્થળના પ્રકૃતિના વૈભવને માણતા યાત્રિકો એના સર્જક એવા પ્રભુના આંતરવૈભવને થોડો પણ સમજતા—જાણતા થાય એવા પ્રયત્નો 'મા' હંમેશ કરે જ કરે. એટલે પ્રત્યેક યાત્રાને એક ઊર્ધ્વ—આધ્યાત્મિક પરિમાણ મળે છે. આ યાત્રાઓમાં કેટલાક સાવ અજાણ્યાં વિદેશી ભાઈબહેનો કોઈ જનમના ઋણાનુબંધનથી પ્રેરાઈ. પરમ પૂજ્ય 'મા'માં અનન્ય શ્રદ્ધા આરોપી 'મા' સાથે કાયમી સ્નેહતાનો સ્થાપી ધન્ય



બની ગયાનાં થોકબંધ ઉદાહરણો પણ છે.

'મા' માટે યોગેશ્વરજી જ્યાં જ્યાં વિહર્યા એ દરેક સ્થળ તીર્થ સમું પવિત્ર છે. 'મા'એ એ તમામ તીર્થધામોની યાત્રા કરી, પૂજ્યશ્રીની ચરણરજ માથે ધરી છે. દેવપ્રયાગની દશરથાચલ તપોભૂમિમાં ૧૯૯૨ના મે મહિનાના બળબળતા તાપમાં, 'મા'એ ખુલ્લા પગે વિચરણ કર્યું હતું. 'મા'નાં કોમળ ચરણો રક્તરંજિત જોઈ, એમની સાથેના ભક્તોની આંખોમાંથી અશ્રુધારાઓ વહેતી હતી, જ્યારે 'મા' તો સદાની જેમ હસતાં હસતાં, યાત્રાનો અનેરો આનંદ લેતાં કહેતાં હતાં કે, 'અત્યારે તો ત્રણ ત્રણ ઋતુઓ એકસાથે ચાલે છે. ચરણમાં ગ્રીષ્મ, હૃદયમાં વસંત અને પ્રસન્ન ભાવમાં વર્ષા. કેવું ધન્યભાગ્ય!'

૧૯૯૮માં વડોદરાથી સ્વર્ગારોહણ આવતાં 'મા'ની ગાડી ખેડા જિલ્લાના મોગર ગામ પાસે ટ્રક સાથે અથડાઈ. ડ્રાઈવર તેમજ સહયાત્રી ભક્તદંપતીનો વાળ પણ વાંકો ન થયો અને 'મા'ના બંને પગે મલ્ટિપલ ફ્રેક્ચર થયું, 'મા'એ એનેસ્થેસિયા લીધા વિના જ ઑપરેશન કરાવ્યું. ગંભીર અકસ્માતને પ્રભુપ્રસાદી ગણી, વધાવતાં ગાયું : 'સૂતાં સૂતાં સુમિરનની મોજ અમે તો માણી.'

**'સ્વર્ગારોહણ' : માનું આંતરદર્પણ**

અંબાજીના 'સ્વર્ગારોહણ'માં 'મા' પૂજ્યશ્રી યોગેશ્વરજીનિર્મિત 'સર્વમંગલ ટ્રસ્ટ'નાં સર્વ સત્કાર્યોનું અદ્ભુત આયોજન કરી, લોકકલ્યાણની ધૂણી ધખાવી રહ્યાં છે. દર વર્ષે 'મા' અંબાજીની આજુબાજુનાં ગામડાંઓની શાળાઓમાં ભણતા તેજસ્વી વિદ્યાર્થીઓને ગૌરવ પુરસ્કારથી નવાજે છે. આદિવાસી બાળકોના ઉત્કર્ષ માટે એ સતત મથે છે, સેવાભાવીઓની એક

ટીમ ઊભી કરે છે. ગામડાંની શ્રમજીવી બહેનો, અશક્ત વૃદ્ધો માટે તે અતિ જતનથી સેવાયજ્ઞો કરે છે. ખાસ તો વિદેશ વસતાં યુવાન–યુવતીઓને આ માટે તૈયાર કરે છે, પ્રેરે છે. (ભુજમાં આવેલ ધરતીકંપ વખતે તો 'મા'એ ત્યાં જાતે જઇ, બાળકો માટે તાત્કાલિક ટેન્ટો ઊભા કરાવેલા અને પછી સાત પાકી શાળાઓ બંધાવી, બાળકોનું કાયમી કલ્યાણ કરીને જંપેલાં.) જોકે અતિ જાગ્રત 'મા' સત્કાર્યોને પણ મધલાળ ગણી તેનાથી નિર્લેપ રહી, ભક્તોને અહંકારગ્રસ્ત બનતા અટકાવે છે. યજ્ઞોપવિત અને મુંડનવિધિ જેવા અવસરો સત્સંગીઓનાં બાળકો માટે અભિનવ રીતે યોજે છે. અલબત્ત, શાસ્ત્રીય વિધિના પૂરા ગૌરવ સાથે.

બાળકો માટે ફૂલવાડી, યુવા–શિબિરો તેમજ સાધનાસપ્તાહો યોજી રોજબરોજના જીવનમાં પ્રભુમય રહેવા 'મા' પ્રેરણા આપે છે.

ઉનાળાના ચાર મહિના 'મા' રોજ સ્વર્ગારોહણમાં છાશવિતરણ ગ્રામજનો માટે કરાવે છે. ભાદરવા મહિનામાં અંબાજીનાં દર્શને પગપાળા પધારતા યાત્રીઓ માટે છાશ વિતરણ–દાક્તરી સહાયનું આયોજન કરતાં 'મા' સ્વયંસેવકો સાથે ખડે પગે રહે છે. અત્યંત પ્રેમ અને સંવેદનશીલતાથી દરિદ્રનારાયણોની જરૂરિયાતો પૂર્ણ કરવા વિવિધ દાનયજ્ઞો યોજે છે.

મોતિયાનાં ઑપરેશનો માટે નિષ્ણાત તબીબોની સાથે દર્દીઓની કાળજી માટે સ્વયંસેવકોની ટુકડી ખડે પગે રહે છે. લગભગ દર વર્ષે કૃત્રિમ હાથ–પગ માટે જયપુરથી તજ્જ્ઞોને તમામ સાધન–સામગ્રી સાથે નિમંત્રી કેટલાય અપંગોના જીવનમાં ચૈતન્યસંચાર કર્યો છે.



શ્રી ગુરુનાં આદર્યાં–અધૂરાં કર્તવ્યો પૂર્ણ કરવા જ જાણે જનમ ધર્યો હોય એમ 'મા' એ બનાસકાંઠાના અંબાજી તીર્થમાં શ્રી યોગેશ્વરજીની ઇચ્છા લોકહિતાર્થે એક સુંદર ધર્મશાળા બનાવવાની હતી તો 'મા'એ 'સ્વર્ગારોહણ'નું નિર્માણ એવું અદ્‌ભુત કર્યું કે, એ 'યોગતીર્થ' અને 'જ્યોતિર્મયી વિશ્રામગૃહ' તેમજ 'મા' સર્વેશ્વરી તીર્થનો ત્રિવેણીસંગમ તીર્થ બની રહ્યું છે. 'મા'એ તાજેતરમાં જ શ્રી યોગેશ્વરની જન્મભૂમિ સરોડાની પવિત્ર રજને મધ્યમાં પ્રતિષ્ઠિત કરી છે.

'મા'ની સૂક્ષ્મ કલાદૃષ્ટિ અને ઊંડી સંવેદનશીલતાની પિછાન કરાવતું આ પુણ્યધામ ખરેખર અજોડ છે.

(ક્રમશઃ)

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
**દીપક સી. મહેતા**
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

# ભગવાન સાથે ભોજન!

–ડૉ. આઇ. કે. વિજળીવાળા

એક નાનકડા બાળકે એક વખત પોતાની નાનકડી બેગ તૈયાર કરવા માંડી. એમાં એણે ચોકલેટ્સ ભરી. બેચાર પેકેટ્સ બિસ્કિટ્સ નાખ્યાં. એકાદ વેફર્સનું પેકેટ પણ લીધું. એની મા પાસે માંગીને નાનકડા લંબબૉક્સમાં બેત્રણ થેપલાં તેમજ અથાણું ભર્યું. પાણી માટે વૉટરબેગ ભરી.

માતાને નવાઇ લાગી. બાળક તો ચૂપચાપ બધું પેકિંગ કર્યે જતો હતો. માતાથી હવે ન રહેવાયું. એણે પૂછ્યું : 'શું કરે છે બેટા? ક્યાં જવાની તૈયારી કરે છે?'

'ભગવાનને મળવા જઉં છું!' ગંભીર મુખમુદ્રા સાથે બાળકે જવાબ આપ્યો.

માને હસવું આવ્યું. એને થયું કે ક્યાંક બાગ–બગીચામાં રમવા જતો હશે. અથવા તો એની જેવડાં બાળકો સાથે પિકનિકનો પ્રૉગ્રામ બનાવ્યો હશે. એણે ફરી વાર પૂછ્યું પણ બાળકે તો એ જ જવાબ આપ્યો. માએ ગંભીરતાથી ન લીધું. બાળકે વૉટરબેગ ખભે લટકાવી, પોતાની બેગ પીઠ પર બરાબર બાંધી અને એ તો ઘરેથી ઊપડ્યો!

એના ઘરથી થોડેક દૂર એક જાહેર બાગ હતો. ત્યાં પહોંચતામાં તો બાળક થાકી ગયો. થોડીક વાર આરામ કરવાનો વિચાર કરીને એ એક બાંકડા પર બેઠો. હવે એ સમયે એ જ બાંકડાના બીજે છેડે એક ઘરડો ભિખારી બીજી તરફ જોઇને બેઠો



હતો. ત્યાં ઊડતાં પંખીઓને એ જોઇ રહ્યો હતો.

બાળકને ભૂખ પણ લાગી હતી! એણે પોતાની બેગ ખોલી. થેપલું કાઢીને મોઢામાં મૂકવા જતો હતો ત્યાં જ પેલા ઘરડા માણસે એની સામે જોયું! એના મોઢા પરથી એ ઘણા દિવસનો ભૂખ્યો હોય તેવું લાગતું હતું. બાળકે થેપલાવાળો હાથ પેલા ભિખારીની સામે લાંબો કર્યો. ઘરડા ભિખારીએ થેપલું લઇ લીધું. પછી એ બાળકની સામે જોઇને આભારવશ હસ્યો. ઘણા દિવસે ખાવાનું મળ્યુ તે માટેના આનંદ અને બાળક તરફની કૃતજ્ઞતાથી ભરેલું એ હાસ્ય બાળકને પણ ખૂબ જ ગમ્યું. એને કંઇક ન સમજાય તેવી ખુશી થઇ. ભિખારીએ થેપલું પૂરું કરીને બાળક સામે જોયું. એ ફરીથી હસ્યો. બાળકને એના હાસ્યમાં મજા આવી ગઇ. એણે ફરીથી થેપલું આપ્યું. ભિખારીએ ફરીથી થેપલું લઇ લીધું. પછી તો આ ઘટનાક્રમ એમ જ ચાલ્યો. બાળક ભિખારીને પોતાની બેગમાંથી કંઇક ખાવાનું આપે અને એ ખાઇ ભિખારી સરસ મજાનું હસે એમ કરતાં સાંજ પડી ગઇ. બાળક કે ભિખારી બેમાંથી કોઇ એક શબ્દ પણ નહોતું બોલ્યું. હાસ્ય જ બંને વચ્ચેની પરિભાષા હતી. બેગમાં ભરેલાં થેપલાં, બિસ્કિટ્સ, પાણી વગેરે બધું જ ખલાસ થઇ ગયું. થોડુંક અંધારું થઇ ગયું.

બાળક હવે પોતે ઘરે જવું જોઇએ એવા વિચાર સાથે ઊભો થઇ ગયો. પોતાની વસ્તુઓ ખભે નાખીને એ ઘર તરફ ચાલ્યો. થોડેક દૂર ગયો હશે ત્યાં જ કંઇક યાદ આવ્યું હોય તેમ ઊભો રહી ગયો. વૉટરબેગ અને થેલો નીચે નાખીને દોડતો પાછો આવ્યો. બાંકડા પાસે જઇને પેલા ભિખારીને એ વળગી પડ્યો.

એના ગંદા ગાલ પર એક પપ્પી કરી. પછી દોડતો દોડતો પોતાની વસ્તુઓ લઈને ઘર તરફ ઊપડ્યો.

પોતાને આવડે તેવાં ગીતો લલકારતો અને આનંદથી ઠેકડા મારતો એ ઘરમાં દાખલ થયો. એની માતાને એનો અદ્‌ભુત આનંદ જોઈને આશ્ચર્ય થયું. એણે પૂછ્યું, 'એલા મુન્ના! આ બે–ત્રણ કલાક તું ક્યાં ગયો હતો? અને હા! હું તો પૂછતાં જ ભૂલી જાઉં છું, તને ભગવાન મળ્યા કે નહીં?'

'હા મા! ભગવાન મને બગીચામાં જ મળી ગયા.'

માતાના આશ્ચર્યમાં વધારો થયો. એણે ફરીથી પૂછ્યું, 'શું કહ્યું? તને બગીચામાં ભગવાન મળ્યા?'

'હા મા! સાચું કહું છું. ભગવાન મને બગીચામાં મળી ગયા. મેં અને ભગવાને સાથે બેસીને નાસ્તો કર્યો. મા! એક વાત કહું? ભગવાન જેવું સરસ હસતાં મેં આજ સુધી કોઈને પણ જોયા નથી. એ એટલું સરસ હસતા હતા મા! કે મને તો મજા આવી ગઈ. અમે નાસ્તો કર્યો અને એકબીજા સામે ખૂબ હસ્યા. મા! ભગવાન કેટલું સરસ હસે ને?! અને મા ભગવાન ખૂબ જ મોટા અને ઘરડા હશે એ પણ મને આજે જ ખબર પડી!...'

મા તો બિચારી શું બોલે? 'હા બેટા!' એટલું કહીને એ આશ્ચર્યથી જોઈ જ રહી.

આ બાજુ પેલો ભિખારી પણ પોતાની ફૂટપાથ પર ઊપડ્યો. એ પણ ખૂબ જ ખુશ હતો. એ લહેરથી ગીત ગણગણતો હતો. એને આટલો બધો ખુશીમાં જોઈને બાજુવાળા ભિખારીથી પૂછ્યા વિના રહેવાયું નહીં. એણે કહ્યું, 'કેમ અલ્યા, આજે કાંઈ મોટો દલ્લો ભીખમાં મળી ગયો છે કે શું? આટલી બધી ખુશી કઈ વાતની છે? ભીખમાં ખૂબ પૈસા–બૈસા આવી ગયા છે કે?'



'આજે તો મેં ભીખ જ નથી માંગી! ભિખારી બોલ્યો.'

'તો પછી? આટલી બધી ખુશી શેની છે?' બીજા ભિખારીનું આશ્ચર્ય હવે વધ્યું.

'આજે મને બગીચામાં ભગવાન મળી ગયા હતા!'

પેલો ભિખારી બોલ્યો, 'પણ એ આટલા નાનકડા હશે એ મને પહેલી વખત ખબર પડી!' પછી ખુશીથી એણે આકાશને ભરી દેતું ખડખડાટ હાસ્ય કર્યું!

આખા દિવસમાં આપણને ભગવાન કેટકેટલી વખત મળતો હશે નહીં? અને આપણે એને ઓળખી પણ નહીં શકતા હોઈએ. એકાદ નાનકડું લાગણીભર્યું કૃત્ય પણ ભગવાનનું જ કૃત્ય છે. એક એક કાળજીભર્યા હાથના કોમળ સ્પર્શ પાછળ રહેલા ઈશ્વરને ઓળખીએ....

લઘુ જો ગુરુની અનન્ય ભક્તિ કરે તો તે ભક્તિનો પરિપાક થયે તે લઘુ પોતાનો લઘુભાવ ત્યજી ગુરુભાવને પ્રાપ્ત થાય છે.

સદ્‌ગુરુના સર્વ વિચારો ને સર્વ આચારોની સાથે શિષ્ય જો પોતાનો અભેદ કરે તો તે શિષ્ય સદ્‌ગુરુની અનન્ય ભક્તિ કરે છે એમ કહેવાય.

જેમ એક મ્યાનમાં બે તલવાર સાથે રહી શકતી નથી, તેમ એક જ મનમાં પ્રબળ વિષયાનુરાગ ને સદ્‌ગુરુની સાથે અભેદ પામવાની ઈચ્છા એ બંને સાથે રહી શકતી નથી.

**–મહારાજશ્રી નથુરામશર્માજી**

# મા સ્વરૂપે પ્રભુને ભજો

—સ્વામી રામસુખદાસજી

**મા!**

એક સૂરદાસ ભગવાનનાં મંદિરમાં ગયા તો લોકોએ તેમને કહ્યું, 'તમે કેવી રીતે આવ્યા—કેમ આવ્યા?' તો તે બોલ્યા, 'ભગવાનનાં દર્શન કરવા આવ્યો છું.' લોકોએ કહ્યું 'તમારે આંખ તો છે નહીં, દર્શન શેનાથી કરશો?' તે બોલ્યા, 'દર્શન માટે મારે નેત્ર નથી તો શું ઠાકોરજીને પણ નેત્ર નથી? એ તો મને જોઇ લેશેને! એ મને જોઇને પ્રસન્ન થઇ જશે તો બસ મારું કામ થઇ ગયું.'

હવે ભાઇઓ! અને બહેનો! ધ્યાન આપો. જેમ કે આપણાં નેત્રો ન હોય તો પણ ભગવાનને તો નેત્ર છે જ, એ જ નેત્રો વડે તે આપણને જુએ છે, એવી જ રીતે હે! સજ્જનો! આપણને જ્ઞાન ન હોય તો શું ભગવાનને પણ જ્ઞાન નથી? આપણી જાણકારીમાં ભગવાન ન આવે તો આપણે સૂરદાસ ઠર્યા, તો શું ભગવાનની જાણકારીમાં પણ આપણે નથી? જો આપણે એની જાણકારીમાં હોઇએ તો આપણે કોઇ પણ વાતની ક્યારે ય ચિંતા કરવી ન જોઇએ. જેવી રીતે બાળક જ્યાં સુધી તેની માની દષ્ટિમાં છે ત્યાં સુધી કોઇ પણ એનું અનિષ્ટ નહીં કરી શકે અને એને જે કાંઇ જોઇએ તેનો પ્રબંધ મા જ કરે છે, એવી જ રીતે જ્યારે આપણે ભગવાનની દૃષ્ટિમાં છીએ, એમની દૃષ્ટિ કદી દૂર થતી નથી તો આપણી રક્ષા, આપણું પાલન અને પોષણની જે કાંઇ જરૂર છે તે બધું ભગવાન કરશે.



ભગવાને ગીતામાં કહ્યું છે—અપ્રાપ્તિની પ્રાપ્તિ કરાવી દેવી અને પ્રાપ્તની રક્ષા કરવી એ બન્ને કામ હું કરું છું—**'યોગક્ષેમં વહામ્યહમ્'** (ગીતા ૯ । ૨૨) 'મારામાં ચિત્ત પરોવીશ તો તું સઘળાં વિઘ્નોને મારી કૃપાથી તરી જઇશ'—**'મચ્ચિત્તઃ સર્વદુર્ગાણિ મત્પ્રસાદાત્તરિષ્યસિ'** (ગીતા ૧૮ । ૫૮) અને 'અવિનાશી શાશ્વત પદની પ્રાપ્તિ પણ મારી કૃપાથી થઇ જશે'—**'મત્પ્રસાદાદવાપ્નોતિ શાશ્વતં પદમવ્યયમ્'** (ગીતા ૧૮ । ૫૬). તાત્પર્ય એ છે કે ભગવાનના જ્ઞાનમાં આપણે છીએ જ. આપણા ઉપર એમની કૃપા છે તો એ જરૂર વિઘ્નોથી આપણી રક્ષા કરશે અને પોતાની પ્રાપ્તિ પણ કરાવી દેશે. પરંતુ આપણું ચિત્ત ભગવાનમાં રહેવું જોઇએ. આપણો વિશ્વાસ, ભરોંસો સર્વ કાંઇ ભગવાન પર હોવાં જોઇએ. આપણો વિશ્વાસ, ભરોંસો એમના પર નહીં હોય તો ય આપણા પર કૃપા તો કરતા જ રહેશે. આપણો બધો પ્રબંધ કરી જ રહ્યા છે. આપણું જેવી રીતે કલ્યાણ થાય, તેવો તેમનો પ્રયત્ન આપણે માટે હોય જ છે.

આપણે સુખ અને દુઃખને બે રૂપોમાં જોઇએ છીએ કે સુખ અલગ છે અને દુઃખ અલગ છે, પરંતુ ભગવાનને ત્યાં સુખ—દુઃખ અલગ અલગ નથી. જેવી રીતે **'લાલને તાડને માતુર્નાકારુણ્યં યથાર્ભકે । તદ્વદેવ મહેશસ્ય નિયન્તુર્ગુણદોષયોઃ ॥'** લાલન એટલે પ્યારમાં અને મારમાં માતાના બે ભાવ હોતા નથી. એક જ ભાવથી માતા બચ્ચાંનું લાલન—પ્યાર કરે છે અને મારવાનું પણ કરી દે છે, એટલે કે પ્યારભર્યા હૃદયથી પ્યાર પણ કરે છે અને હેતભર્યા હાથથી થપ્પડ પણ લગાવી દે છે. આમ કરવામાં માતા બાળકનું અનિષ્ટ કરે છે? ના, ક્યારેય નહીં. એવી જ રીતે ભગવાન ક્યારેક

આપણી મનગમતી વાત કરી પણ દે છે અને ક્યારેક આપણી મનગમતી વાત ન કરીને થપ્પડ પણ લગાવી દે છે. તો ભગવાનનું આવું કરવામાં જોવું જોઇએ કે તે આપણી મા છે. એ આપણા મનને અનુકૂળપ્રતિકૂળ જે કાંઇ કરે, એમાં આપણું હિત જ સમાયેલું છે. ભલેને આપણે તે ન સમજીએ, માની બધી ચેષ્ટાઓ શું બાળક સમજી શકે છે ખરું? બાળકમાં એવું સમજવાની તાકાત જ ક્યાં છે? માની ચેષ્ટા સમજવાની બાળકમાં શક્તિ જ નથી. અને બાળકને માની ચેષ્ટા સમજવાની જરૂર પણ શી છે? એ તો બસ માના ખોળામાં પડ્યું રહે છે. એવી રીતે 'ભગવાન શું કરે છે અને કેવી રીતે કરે છે' એ સમજવાની આપણે જરૂર પણ નથી. એ કેવા છે? ક્યાં રહેતા હશે? એ પણ જાણવાની જરૂર નથી. શું બાળક જાણે છે કે માતા ક્યાં પેદા થઇ હતી? કોની દીકરી છે, કોની બહેન છે અને કોની પત્ની છે? કોની દેરાણી છે અને કોની જેઠાણી છે? કોની નણંદ છે? કોની ફોઇ છે? મા ક્યાં રહે છે? કોના દ્વારા એનું પાલન થાય છે? મા શુ કરે છે? મા ક્યે વખતે ક્યું કાર્ય કરે છે? વગેરે વાતો બાળક જાણતું જ નથી અને એને જાણવાની જરૂર પણ નથી. એવી જ રીતે આપણી માતા (ભગવાન) કેવી છે? તે સુંદર છે કે અસુંદર? તે ક્રૂર છે કે દયાળું? તે યોગ્ય છે કે અયોગ્ય છે? એ આપણને અનુકૂળ છે કે પ્રતિકૂળ છે? વગેરે માટે જે યોગ્ય હશે તે જાતે જ કરશે. આપણે શું સમજીએ કે શું યોગ્ય છે અને શું અયોગ્ય છે? શું આપણને પોતાનું યોગ્ય—અયોગ્ય સમજમાં આવે છે? છે ખરું આનું જ્ઞાન? શું એ આપણે જોઇ શકીએ છીએ? અરે! સૂરદાસને શું દેખાય? આપણે શું જાણીએ કે આ યોગ્ય છે અને આ અયોગ્ય છે, આ સારું છે અને આ



માઠું છે. આ વાતોને આપણે શું સમજીએ અને શા માટે સમજીએ? આ વાતો સમજવાની જરૂર જ નથી. બસ, એ આપણાં છે અને આપણે એના છીએ. એ જ આપણા માતા, પિતા, બંધુ, કુટુમ્બી વગેરે સર્વ કાંઇ છે અને એ જ આપણી ધન, સંપત્તિ, વૈભવ અને જમીન—જાયદાદ છે—

**ત્વમેવ માતા ચ પિતા ત્વમેવ ત્વમેવ બંધુશ્ચ સખા ત્વમેવ ।**
**ત્વમેવ વિદ્યા દ્રવિણં ત્વમેવ ત્વમેવ સર્વમ્ મમ દેવદેવ ॥**

કોઇ તમને પૂછે કે તમારી મા કોણ છે? ઈશ્વર! તમારા પિતા કોણ છે? ઈશ્વર! ભાઇ કોણ છે? ઈશ્વર! સાથી કોણ છે? ઈશ્વર! તમારું કામ કરનાર કોણ છે? ઈશ્વર! આપણા તો સર્વ કાંઇ એ જ છે. સર્વસ્વ મા જ છે. જેમ કે બાળકને માટે ધોબી પણ મા છે, નાઇ પણ મા છે, દાઇ પણ મા છે, ધાઇ પણ મા છે, ઈશ્વર પણ મા છે, ગુરુ પણ મા છે, નોકર પણ મા છે, મેહતર પણ મા છે વગેરે વગેરે. નાનામાં નાનું અને મોટામાં મોટું કામ કરનાર મા છે. એવી જ રીતે આપણા સર્વ કાંઇ ભગવાન જ છે. તો પછી આપણે કઇ વાતની ચિંતા રહી? **'ચિંતા દીન—દયાળ કો મો મન સદા આનંદ'** આપણાં મનમાં તો સદાયે આનંદ જ આનંદ છે, મોજ જ મોજ છે. એ આપણી ચિંતા કરે કે ન કરે આપણે એ વાતની શી પરવા છે. કેમ કે, મા બાળકની ચિંતા કરે, કેમ કે, બાળક એનું પોતાનું છે. શું એના પર કોઇ અહેસાન છે કે તે બાળકનું પાલન કરે, અરે એ તો એનું કામ છે. એ કરે ન કરે તેથી બાળકને શો મતલબ? બાળકને તો આ વાતો સાથે કોઇ મતલબ જ નથી. એવી જ રીતે ભગવાન આપણી મા છે બસ, આપણી મા છે. અને આપણે કશું જ કરવાનું નથી, ન જાણવું છે, ન ભણવું છે પરંતુ હરદમ મસ્ત રહેવું છે, મસ્તીથી

રમ્યા કરવાનું છે. માના ખોળામાં હસતો રહે, કિલકિલાટ કરતો રહે. ખુશ કેમ રહે છે કેમ કે, આનાથી મા રાજી રહે છે. એટલે આપણે પ્રસન્ન રહીએ તો મા પણ રાજી થાય છે. માની ખુશી માટે આપણે રહીએ છીએ, રમીએ છીએ, કૂદીએ છીએ, અને કામધંધો પણ માના રાજીપા માટે જ કરીએ છીએ. બીજી વાતો સાથે આપણો સંબંધ નથી. આપણો તો એક મા સાથે જ મતલબ છે.

જેમ કે, માની પાસે જે કાંઇ હોય છે તે બધું બાળકના પાલનને માટે જ હોય છે. માનું બળ, બુદ્ધિ, યોગ્યતા, વિદ્યા, શરીર, કપડાં, ઘર વગેરે સર્વ કાંઇ બાળક માટે તો છે. એવી જ રીતે ભગવાનની પાસે જે કાંઇ સામર્થ્ય છે, શક્તિ છે, વિલક્ષણતા છે, એ બધું માત્ર આપણે માટે તો છે. જો આપણે માટે નથી તો કોને માટે છે? તેથી આપણે ક્યારેય કોઇ પણ વાતની ચિંતા ન કરવી જોઇએ. કોઇ વાર ચિંતા આવી જાય તો ભગવાનને કહી દો કે, 'હે નાથ! જુઓ આ ચિંતા થઇ આવી' જેમ, બાળકને તરસ લાગે છે, ત્યારે 'ભૂ—ભૂ' કરે છે તો મા પાણી પાઇ દે છે. હવે કોઇ પણ કોશમાં 'ભૂ' માટે પાણી નામ આવ્યું નથી, પરંતુ 'ભૂ' કહેતાં જ મા પાણી આપે છે. એવી જ રીતે આપણે કોઇ પણ ભાષામાં કહી દઇએ તો એને મા (ભગવાન) સમજી જાય છે.

**ગૂँગા તેરી બાતકો ઔર ન સમજે કોય।**
**કૈ સમઝૈ તેરી માવડી કૈ સમઝૈ તેરી જોય॥**

જેવી રીતે ગૂંગાની ભાષા એની મા સમજે કે એની પત્ની સમજે એ સિવાય કોણ સમજે એની ભાષાને? પરંતુ આપણી ભાષાને ભગવાન સમજે કે ન સમજે એની સાથે આપણે મતલબ



નથી. આપણે તો મા મા! કર્યે જ જાઓ. બસ જેવી રીતે બાળક માને કોઇ વિધિપૂર્વક થોડો જ યાદ કરે છે. એ તો બસ મા! મા! જ કર્યા કરતો રહે છે. એવી રીતે મા! મા! કર્યા કરો બસ. એ સિવાય આપણે બીજું કશું કરવાનું જ નથી. મા પ્રિય લાગે છે, માનું નામ પ્રિય લાગે છે. એટલા માટે પ્યારથી કહો મા! મા! મા!

અમને એક સજ્જન મળ્યા હતા. તે કહેતા હતા કે અમે ક્યારેક માળા ફેરવીએ છીએ તો શું કરીએ છીએ જાણે કે ભોજન કરવામાં આનંદ આવે છે તો સબડકા લેતા જ રહીએ છીએ. એવી જ રીતે માળા ફેરવીએ છીએ ત્યારે સબડકા લઇએ છીએ. હવે ભોજનની શી વિધિ છે! તમારે તો સબડકા જ લેવાના છે બસ. મોજથી નામ ઉચ્ચારણ કરો, કીર્તન કરો. ગમે તે કરો, મસ્ત થઇને કરો. 'શું થશે? કેવી રીતે થશે?'

આ વાતો સાથે આપણો કોઇ સંબંધ નથી. આ વાતો સાથે મતલબ તો માને છે. અને આ વાતોની માને જ ચિંતા બહુ થતી હોય છે. જેમ કે માતા યશોદા અને માતા કૌશલ્યાને ચિંતા થતી હતી કે અમારા લાલાનો વિવાહ ક્યારે થશે. પણ લાલો તો વિવાહ શું એ પણ સમજતો ન હતો. એ તો પોતાની મસ્તીમાં રમ્યા જ કરતો હતો. એવી જ રીતે આપણી માને ચિંતા થાય છે કે 'બચ્ચાંનું શું થશે અને કેવી રીતે થશે?' પણ આપણે તો એની સાથે કોઇ જ મતલબ નથી, અને એને જાણવાની જરૂર પણ નથી. મા જાણે અને એનું કામ જાણે. આપણે તો આનંદમાં જ રહેવું અને માના ખોળામાં જતા રહેવું. આપણામાં અને બાળકમાં ફેર એટલો જ છે કે આપણે રડતાં નથી. બાળક તો ભોળપણથી અને મૂર્ખતાથી રડે છે. પણ આપણી તો મા છે,

આપણે શા માટે રડવું? આપણે તો હસતા જ રહેવું, મસ્તીથી માના ખોળામાં પડ્યા રહેવું. કેવી મોજની વાત છે! કેટલા આનંદની વાત છે! 'તું જાણે અને તારું કામ જાણે' એમ કહીને નિશ્ચિન્ત થઈ જાઓ, નિર્ભય થઈ જાઓ, નિઃશોક અને નિઃશંક થઈ જાઓ. આપણે તો આનંદ અને આનંદમાં જ રહેવું છે, હરદમ મસ્તીમાં જ રહેવું છે. આપણું તો કશું કામ છે જ નહીં, સિવાય મસ્તી અને આનંદ. આપણી જવાબદારી તો એક જ છે, કે હરદમ મસ્ત રહીએ, આનંદમાં રહીએ. મા! મા! નામ લેવાનું સારું લાગે છે. મા! મા! કહેવાનું પ્યારું લાગે છે. એટલા માટે નામ લઈએ છીએ. રામ રામ નામ મીઠું લાગે છે, ગળ્યું લાગે છે, મીઠું મધ લાગે છે તેથી લઈએ છીએ. એમાં કોઈ વિધિ થોડી છે? એવું થોડું છે કે આટલાં જ નામ લો. આટલું—આવું વળી એમાં શું? આપણે તો મરજીથી મા મા કર્યા કરો. કેવી રીતે કરવાનું છે? કેટલું કરવાનું છે? કેવું ભજન કર્યું? કેટલું ભજન કર્યું? એ સાથે આપણે શી નિસ્બત, શો મતલબ? આપણે તો માનું નામ પ્યારું લાગે છે, તેથી ખુશીથી, પ્રસન્નતાથી નામ લઈએ છીએ. બસ, આપણે તો મોજ જ થઈ રહી છે. આનંદ જ થઈ રહ્યો છે. ખુશી જ આવી રહી છે, પ્રસન્નતા જ થઈ રહી છે.

**મુખ રામ કૃષ્ણ રામ કૃષ્ણ કીજિયે રે!**
**સીતારામ ને ભજન લાવો લીજિયે રે!!!**



# A Glimpse of Swargarohan

**–Hiteshbhai**

Swargarohan is a school offering training on taking a step in the direction of spirituality. It is a place to find one's self. It is a place to meet one's self. It is a place to observe one' self. It is a place to get refined mentally and physically. It is a place where one can transform self. It is a place where one can find inner joy and inner peace. It is a place where one can find fulfillment in life. It is a place to get closer to the divine.

Swargarohan offers mental peace and tranquility. It's an experience one can't buy in any market. As soon as one enters Swargarohan, the external world is forgotton. This unique place offers a new world. It's an atmosphere where one forgets everything about their life outside. A whole new life begins with an empty slate. One even forgets what day of the week it is and is completely lost in new types of activities.

For starters, there is a fixed schedule of sittings which are mandatory for all. These sittings are designed with the aim of keeping one en-

gaged in satsang. As a result, one's mind is occupied and in the process gets more and more refined over time. All the dust accumulated over the years and lifetimes slowly begins to blow away paving the way for spiritual development.

There is also free time for personal activity. Wait a minute, free time? One can never really be free in Swargarohan. There is always personal sadhana to do. So there is no such thing as boredom in Swargarohan.

As one can see, there is a lot to gain while in Swargarohan. Whatever gained is eternal. Anyone who has come to Swargarohan has left with something good. So come with an empty pot and take all the divine nectar of everlasting faith, love, peace and much more with you! Jay Krupalu Maa! merely observing people, birds, animals, trees, objects, nature, etc. For example, each evening near the banks of Ganges River, groups of birds can be seen flying very swiftly heading for their nests. The birds are constantly making effort to fly at high speeds to reach their destination. The inference here is that one also has to make constant and intense efforts in doing sadhana. Pick a tool make con-



stant and intense efforts in doing sadhana. Pick a tool such as mantrajap and quickly get to work to reach Shri Hari's nest.

There is nothing like **Shree Hari–ni–Shabda Yatra.** I am absolutely convinced that all will find this divine scripture to be extremely useful and inspiring.

---

Note : The above is in no way intended to give a complete picture of Swargarohan. Rather it is a glimpse meant for someone who may find it useful and get inspiration from it.

સુખ અંતઃકરણમાં રહ્યું છે. બહારના અનુકૂલ માનવામાં આવતા પદાર્થોમાં સત્ય સુખ રહ્યું નથી.

જે મનુષ્યને નિર્દોષ, નિરવધિ, નિત્ય ને સ્વતંત્ર સુખ જોઈતું હોય તેણે તે સુખ દૃશ્ય વિષયોમાં શોધવાનું નથી, પણ પોતાના અંતઃકરણમાં જ તે સુખને કોઈ સમર્થ સદ્‌ગુરુનું શરણ ગ્રહણ કરીને વિધિ પૂર્વક શોધવાનું છે.

સદ્‌ગુરુનાં ને શાસ્ત્રોનાં વચનોમાં શ્રદ્ધાવાળો, સદ્‌ગુરુની સેવામાં તત્પર ને ઈન્દ્રિયોને સારી રીતે નિયમમાં રાખનારો પુરુષ આત્મજ્ઞાનને પામે છે.

**–મહારાજશ્રી નથુરામશર્માજી**

# આનંદનો ઝરો (૨)

(ગતાંકથી આગળ) —જ્યોતિબ્હેન થાનકી

મીનાની આ વાતે અમીતાના અંતરમાં એક ઝબકારો થઈ ગયો. જીવનનું કેવડું મોટું સત્ય આ બધાંય સાવ સહજમાં પામી ગયાં હતાં. અને એ સત્ય સહુના જીવનમાં ચરિતાર્થ થતું હતું. એથી જ આ ઘરમાં સદાય આનંદની છોળો ઊડતી હતી.

'બાની ખોટ તમને બધાંને બહુ લાગતી હશે, નહીં?'

'હા, એ ખોટ તો ન પુરાય તેવી છે, પણ બાપુજીએ જે રીતે આ આઘાતને પચાવીને પોતાની જાતને સહુમાં ઓતપ્રોત કરી દીધી એથી સહુનો ભાર હળવો થઈ ગયો.'

અમીતાને એના સસરા ઘરની એક એક વ્યક્તિ સાથે કેવા આત્મીય હતા, એના આ છ મહિના દરમિયાન બનેલા પ્રસંગો એના મનોપૃષ્ઠ પર અંકિત થવા લાગ્યા.

મીનાભાભીની સહુથી મોટી પુત્રી દીદી એક દિવસ આવીને કહેવા લાગી, 'દાદાજી, નવરાત્રિના ગરબાની હરીફાઈ છે, તમે આવશો ને?'

'તું ગરબે ઘૂમવાની હોય ને હું ન આવું એ કેમ બને? પણ તું આ જ ડ્રેસ પહેરીને ગરબા લઈશ?'

'હોય કંઈ! હું તો ચણિયાચોળી ને ઓઢણી પહેરીશ!'

'તો તું એ પહેરે ત્યારે મને બતાવી જજે.'

પછી તે જ્યારે ચણિયાચોળીનો પોશાક પહેરી દાદાજી સામે આવી ત્યારે તેને વહાલથી ભેટીને કહ્યું, 'વાહ, મારી લાડલી! આમાં તું કેવી સુંદર લાગે છે! એવી તારા જીવનમાં નથી લાગતી



હોં!'

'પણ દાદાજી, આવું કંઈ રોજરોજ ઓછું પહેરાય?'

'એ તને ઠીક લાગે તેમ કર. પણ મને તો આવું ગમે!' અને પછી દાદાજીને સહુથી આગળની ખુરશીમાં બેઠેલા જોઈને પૌત્રીના પગમાં વધુ થનગનાટ આવી જતો.

'દીદી, હમણાં પેલી તારી બહેનપણી કેમ દેખાતી નથી?' એક દિવસ દાદાજીએ દીદીને પૂછ્યું.

'કોણ?'

'પેલી તારી રાધા.' નીલિમાને દાદાજી રાધા કહેતા કેમ કે રાધાકૃષ્ણના નૃત્યમાં એ રાધા બની હતી અને દીદી કૃષ્ણ. એ નૃત્ય દાદાજીને અત્યંત ગમ્યું હતું. એમણે બંનેને એકાવન રૂપિયા ઈનામ પણ આપેલું.

દાદાજી, અમારા ઝઘડાનીય તમને ખબર પડી ગઈ?'

'હાસ્તો, હમણાં એને હું તારી સાથે જોતો નથી એટલે બીજું શું કારણ હોઈ શકે?'

'એણે ડિમ્પલને કહેલું કે મને નૃત્ય આવડતું નથી એ તો એને લઈને અમારો ડાન્સ સફળ થયો.'

'એટલે તેં અબોલા લીધા?'

'હાસ્તો. ફાવે તેમ બોલ બોલ કરે તો શું કરું?'

'તારે એની આગળ ગીત ગાવાનું. નહીં નાચું રે નહીં નાચું, રાધાવિણ નૃત્ય નકામું.'

'ના દાદાજી, હું તમારી જેમ ગીત નહીં ગાઉં.'

'તો પછી એને કહેજે દાદાજી બોલાવે છે.'

અને એમ દાદાજીએ બંને બહેનપણીઓ પાસે ફરી એ

રાધાકૃષ્ણનું નૃત્ય કરાવ્યું અને સુમેળ સાધી આપ્યો.

તે દિવસે બધાં જમતાં હતાં. શીતલ દાદાજીની બાજુમાં બેઠી હતી. દાદાજીએ એના ગાલ પર એક ફોકડી જોઇ. અને ગાલે હાથ ફેરવ્યો. 'અરે, આ તો ખીલ નીકળ્યો! શીતલ, જોજે આ ફોડતી નહીં કે કોઇ ક્રીમ લગાડતી નહીં, નહીંતર કાળા ડાઘ પડી જશે.' અને આવો સુંદર ચહેરો ખાડાટેકરાથી છવાઇ જશે. પછી એમણે ખાવાપીવામાં સતત પરેજી રખાવી ને રાત્રે ત્રિફળા નિયમિત ફકાવ્યા અને ખીલ થતા જ અટકાવી દીધા. શીતલથી નાની હેતલ વધુ પડતી જાડી થતી જતી હતી. એ દાદાજીની નજર બહાર રહ્યું નહીં. 'મારી હેતલ તો એવી પાતળી કે હવામાં ઊડતી જાય.' દાદાની ટકોર સાંભળીને હેતલ શરમાઇ જતી.

'તમે જ કહો ને દાદાજી, હું શું કરું? હું કંઇ તમારી જેમ મીઠાઇ નથી ખાતી, તોય જાડી થતી જાઉં છું.'

'ચાલ મારી સાથે સવારે દોડવા.' ઊંઘતી હેતલને સવારે પાંચ વાગે ઉઠાડીને દાદાજીએ દોડાવવાનું શરૂ કર્યું. અને ખાવા–પીવામાં ચોકસાઇ રખાવીને સતત વધતા જતા વજનોને કાબૂમાં લાવી દીધું.

તે દિવસે પરીક્ષા આપીને અજય સીધો પોતાની રૂમમાં ચાલ્યો ગયો. દરરોજ તે દાદાજી પાસે જાય પણ આજે પોતાના રૂમમાં ગયો અને થોડીવારે જ દાદાજી એની રૂમમાં પહોંચી ગયા, 'કેમ રે અજય, આજે પેપર બરાબર નથી ગયું?'

'હા દાદાજી, આજે ફિઝિક્સનું પેપર હતું. ધાર્યું ન લખી શકાયું' એમ કહીને અજય રડવા જેવો થઇ ગયો.

'અરે દીકરા, એક પેપર અઘરું ગયું એમાં શું થઇ ગયું?



તારા દાદા તો સાત વર્ષે એન્જિનિયર થયેલા! એમાં કાંઇ નાસીપાસ થઇને બેસી રહેવાય?' દાદાની પ્રેરણાથી અજયે કેમિસ્ટ્રીના પેપરની એવી સારી તૈયાર કરી કે એમાં એને સૌથી વધુ માર્ક્સ મળ્યા ને ફિઝિક્સના ઓછા માર્ક્સનું પ્રમાણે સરભર થઇ ગયું!

તે દિવસે દાદાજી પુસ્તક લઇને આવેલા અને કહે, 'જો અજય, આ પુસ્તક કેવું છે?'

'અરે દાદાજી, આ તો જોનાથાન લીવીંગસ્ટન સીગલ! આ વાંચવાની મને ઘણી ઇચ્છા હતી.'

'પણ હમણાં તો હું એ વાંચું છું. તને નહીં મળે. અને પછી અજયના જન્મદિવસે દાદાજીએ એને કહ્યું, બોલ અજય, આજે તને શું ભેટ મળશે?'

'હા, મને ખબર છે. અને અજયે સીગલ પુસ્તકનું નામ જણાવ્યું. અને તે પુસ્તક દાદાજીએ એને ભેટ આપ્યું. દાદાજી કદી કોઇને બીજી વસ્તુઓની ભેટ તો આપે જ નહીં. બસ પુસ્તકો જ આપે. અને પાછા તે વાંચ્યાં કે નહીં તેની ખાતરી પણ કરે.'

એક દિવસ મીના, ગીતા ને અમીતા ત્રણેય બહાર ગયેલાં. બાપુજી ઘરમાં જ હતા સાંજની રસોઇની સૂચના મહારાજને આપી દીધી હતી. થોડીવાર પછી રસોડામાંથી સુગંધ આવતાં બાપુજીને નાનકડા વિરલને કહ્યું, 'જા તો, રસોડામાં શેની સુગંધ આવે છે?' 'દાદાજી, સમોસા બને છે.' ત્યાં તો હેતલ ને શીતલ પણ આવી પહોંચ્યાં. ઉપરથી દીદી આવી ને અજયને બૂમ પાડી. બધાં દાદાજી પાસે ભેગાં થઇ ગયાં. અને આખી મંડળી પહોંચી ગઇ રસોડામાં. મહારાજે ઘણી ના પાડી કે, 'ભાભી મનાઇ

કરીને ગયાં છે કે કોઈનેય આપશો નહીં.' પણ દાદાજી સાથે હોય પછી કોની મનાઈ ચાલે! દાદા—છોકરાંઓની ઉજાણી ચાલતી હતી ત્યાં તો ત્રણેય ભાઈઓ ફેકટરીએથી આવી પહોંચ્યા ને ઉજાણીમાં ભળી ગયા. ઘરની ગૃહિણીઓ આવી ત્યારે સમોસાં ખવાઈ ગયાં હતાં!

★

'અમીતા, બાપુજીનો વળી સંકોચ કેવો? આપણે તો એમનાં બાળકો છીએ.' ગીતાએ તેને કહેલું. પછી પોતાનો સંકોચ કેવી રીતે છૂટ્યો તેની વાત કરી; 'ત્યારે મીનાભાભી એમનાં બા બીમાર હતાં એટલે જોવા ગયાં હતાં. મને પૂરા દિવસો હતા પણ હજુ વાર હતી. બાપુજી એમના ઓરડામાં વાંચતા હતા. મને એકાએક પેટમાં અસહ્ય દુઃખાવો થવા લાગ્યો. ઘરમાં બીજું કોઈ ન હતું. નોકરને કહ્યું, 'જલદી બાપુજીને બોલાવ.'' બાપુજીએ મારું મોઢું જોઈને પરિસ્થિતિ પારખી લીધી. મને કહે 'ગભરાઓ નહીં. હું મિસિસ દસ્તૂરને ફોન કરું છું' અને પછી પોતે જાતે જ ડ્રાઈવિંગ કરીને મને ક્લિનિકમાં લઈ ગયા. પછી તો બધાં આવી ગયાં તોય ત્રણ કલાક સુધી પોતે ક્લિનિકમાં રહ્યા.

★

'બાપુજીએ ફેકટરીએ જવાનું છોડી દીધું?'

'ના, એવું તો નહીં. ખાસ કામ હોય તો જરૂર જાય. પણ મોટાભાઈ તૈયાર થઈ ગયા પછી એમણે એમને કહ્યું, 'હવે તું જાણે અને તારો બિઝનેસ જાણે.' મેં બહું કર્યું. હવે મારે મારી રીતે જીવવું છે. જરૂર હોય ત્યાં મદદ કરીશ. બાકી કોઈ જવાબદારી મારી નહીં.'

અને આમ પંચાવનમે વરસે તો બાપુજીએ પોતે જાતે ઊભી



કરેલ ત્રણ ત્રણ ફેકટરીઓ મોટા ભાઈને સોંપી દીધી.

'વાહ! આવું તો ભાગ્યે જ કોઈ કરી શકે.' અમીતા બોલી ઊઠી. જેમ જેમ તે બાપુજી વિષે વિચારતી હતી તેમ તેમ તેની નજર સમક્ષ હિમાલય જેવું ઉત્તુંગ વ્યક્તિત્વ પ્રગટ થતું. જેને સર્વ દિશાઓમાંથી જોતાં સર્વાંગસુંદર ભવ્યતાનાં જ દર્શન થાય. એ સૌંદર્ય અને ભવ્યતાથી તે વધુ ને વધુ મુગ્ધ બનતી જતી હતી.

(ક્રમશઃ)

કરોડ કામ કરવાં રહી જાય, પણ જો એક મોક્ષ સિદ્ધ થાય તો ઘણો લાભ છે. પણ જો મોક્ષ સિદ્ધ ન થાય તો ગમે તેટલાં કામ પૂરાં કર્યાં હોય તો પણ તે અલ્પ જીવન છે. જીવનનો ફેરો ફોગટ ગયો એમ સમજવું. —સ્વામી માધવતીર્થજી

એક વખતે એક વૃદ્ધ સ્ત્રીએ એક નવી ધાબળી એક મહાત્માને આપી અને કહ્યું, ''હાલ ઠંડીનો વખત છે, તેથી તે ધાબળી આપને માટે લાવી છું. તેનો આપ ઉપયોગ કરજો.''

મહાત્મા : હું તે ખુશીથી સ્વીકારું છું પણ જે મારું છે તે જગતનું છે, તેથી જો મારી નજરે કોઈ ગરીબ માણસ ઠંડીથી ધ્રૂજતો નજરે પડશે અને તેની પાસે કંઈ સાધન ન હોય તો હું મારી આ ધાબળી તેને તરત આપી દઈશ, તે વખતે મારા શરીરની મને પરવા રહે નહીં, કારણ જ્યાં સુધી અમારું તે જગતનું છે એમ ન કરીએ ત્યાં સુધી જગત અમારું થતું નથી.

જગતમાં જે જે સુંદર વસ્તુઓ દેખાય છે, તે ભગવાનના લેશમાત્ર સૌંદર્યમાંથી પ્રાદુર્ભાવ પામી છે, તો વિચારો કે જેનો અંશ આટલો સુંદર છે, તે આખેઆખો તો કેટલો બધો સુંદર હશે! એથી આ સૃષ્ટિમાં ભગવાનથી વિશેષ સુંદર કોઈ હોઈ શકે જ નહીં! જે એનું દર્શન એકવાર પણ પામ્યો છે, તેને સંસારનાં સઘળાં સૌંદર્ય ફીક્કાં જ લાગવાનાં!

# એની પાસે જંગલના છાંયડા પાણી ભરે

—ડૉ. શરદ ઠાકર

(કેટલીક વખત દેખીતી અણધારી ઘટના પાછળ પણ પ્રભુનો આપણા માટેનો મંગલ આશય સમજી શકાતો નથી. તેની જાણ તો ઘટનાના અંતે થાય, ત્યારે માણસના આશ્ચર્યનો પાર રહેતો નથી. ને દુઃખદ ઘટના પાછળનો પ્રભુનો મંગલ આશય પ્રત્યક્ષ થતાં તે ભાવ વિભોર બની જાય છે.

આવી જ એક સત્ય ઘટના ડૉ. શરદ ઠાકરની કલમે રજુ થઈ છે, તે વાંચકોને ગમશે, તેથી દિવ્ય ભાસ્કરમાંથી સાભાર અત્રે રજુ કરી છે.)

—તંત્રી

### રણમાં ખીલ્યું ગુલાબ

**શે**ઠગિરધારીલાલ એમનાં પત્ની રમાબહેન અને પુત્ર સ્વસ્તિકની સાથે એમની ઓડી કારમાં બેસીને સોમનાથ અમદાવાદવાળા હાઈ—વે પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે બે ઘટના બની ગઈ. એક સારી અને એક ખરાબ. ખરાબ વાત પહેલા જણાવી દઉં. કાળઝાળ ઉનાળાની ગરમી અને આગના દરિયા જેવી ડામરની સડક. એના કારણે કારનું પાછલું ટાયર ફાટી ગયું. સદ્ભાગ્યે ડ્રાઈવર અનુભવી હતો એટલે એણે કાબૂ જાળવી રાખ્યો. નહીંતર ‘ઓડી’નું બોડી કચુંબર બની ગયું હોત.

સારી વાત એ બની કે જ્યાં ગાડી અટકી હતી ત્યાં જ એક ગામના નામનું પાટિયું વચાતું હતું. રાજકોટ મૂક્યા પછીનું ગામ. ત્રણ અક્ષરનું નામ. શેઠજીને તો અત્યારે એ ત્રણ



અક્ષરમાં ત્રિદેવ દેખાયા. બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ.

‘રાજુ, કેમ આવું થયું?’ બે—ચાર પળો બાદ પ્રારંભિક આઘાતમાંથી બહાર નીકળ્યા પછી શેઠજીએ ડ્રાઈવરને પૂછ્યું.

‘શેઠજી, મને લાગે છે કે પાછલા ટાયરમાં હવાનું દબાણ હોવું જોઈએ એના કરતાં સહેજ વધારે ભરાઈ ગયું હશે. આટલી બધી ગરમીના લીધે હવા ફૂલીને ટાયરને ફાડી...’

ડ્રાઈવરના અનુમાન સાથે સંમત ન થવા માટે કોઈ કારણ ન હતું. સવાલ એ હતો કે હવે કરીશું શું?

‘શેઠજી, તમે ચિંતા ન કરશો; હું ચપટી વગાડતાંમાં જ સ્પેર વ્હીલ ચેન્જ કરી નાખું છું.’ આટલું બોલીને રાજુ કારની ડીકી તરફ વળ્યો. સ્પેર વ્હીલ તપાસી જોયું. ટાયરમાં હવા બરાબર હતી. એ પકડપાનાં અને જેક શોધવા માંડ્યો. જેક તો જડી ગયો, પણ પકડ—પાનાં ક્યાંક દેખાયાં નહીં.

રાજુ આઘાતમાં સરી પડ્યો. યુવાન સ્વસ્તિક પૂછી બેઠો, ‘કેમ, શું થયું? પાનાં ઘરે રહી ગયાં કે શું?’

‘હા, ભાઈ! કારને બે દિવસ પહેલાં જ સર્વિસ માટે આપી હતી. તે સમયે મેં સાવધાની ખાતર સાધનોની કિટ કાઢી લીધી હતી. એ પાછી કારમાં મૂકવાનું રહી ગયું.’

‘હવે?’

‘હવે હાઈ—વે પરથી બીજી કોઈ ઓડી કાર પસાર થાય ત્યાં સુધી રાહ જોવી પડશે. ગમે તે કારનાં સાધનો આ વ્હીલ માટે ચાલશે નહીં.’

શેઠ સમજી ગયા કે આજે એમની તકલીફનો સમય આવી પહોંચ્યો છે. બીજી ઓડી કાર આ જ રસ્તે થઈને ક્યારે પસાર

થાય એની આગાહી તો માત્ર વિધાતા જ કરી શકે. અને ત્યાં સુધી આ રસ્તા પર ઊભા રહેવું એ કોઇ પણ માનવી માટે અશક્ય હતું. માથા ઉપર સૂરજ લૂ વરસાવતો હતો. પગ નીચે ધરતી આગ ઓકતી હતી. આજુબાજુમાં ક્યાંય વડ, લીમડો કે પીપળા જેવાં ઘટાદાર વૃક્ષો પણ દેખાતાં ન હતાં. નજીકમાં એક બાવળિયો ઊભો હતો. શેઠજીને લાગ્યું કે જો આ જગ્યાએ દસ મિનિટથી વધારે વાર ઊભા રહેવું પડ્યું તો લૂ લાગવાની જ કારણે ત્રણેયનું અંતરિયાળ કમોત થઇ જશે. ડ્રાઇવરે કહ્યું તો ખરું કે 'તમે સહુ ગાડીની અંદર બેસો; હું એ.સી. ચાલુ રાખું.' પણ એ વહેવારું ઉપાય ન હતો. એન્જિન ક્યાં સુધી બાળવું? બળતણ ખૂટી પડે તો પાછી નવી ઉપાધિ.

ત્યાં શેઠજીની દૃષ્ટિ સહેજ દૂર આવેલા એક મકાન ઉપર પડી. ગામની દિશામાં જે કેડી જતી હતી ત્યાં વચ્ચે બેઠા ઘાટનું એક મકાન નજરે પડતું હતું. હાઇ—વેથી માંડ પચાસેક ડગલાં દૂર.

'ચાલો, આપણે ત્યાં જઇને વિનંતી કરીએ. શક્ય છે એકાદ કલાકનો વિસામો મળી જાય. એટલી વારમાં કંઇક રસ્તો જડી આવશે.' શેઠ આટલું બોલીને ચાલવા લાગ્યા. ધૂળિયો મારગ. ઝાડી—ઝાંખરાથી બંને બાજુએ ઘેરાયેલી પગવાટ. અજાણી મંજિલ. અનિશ્ચિત ભવિષ્ય.

પાંચ—સાત મિનિટનો પંથ કાપતાં તો ત્રણેયનાં બદનમાંથી પરસેવાના રેલા ફૂટી નીકળ્યા. હવે પ્રભુને માટે એક જ પ્રાર્થના બચતી હતી : 'હે ભગવાન! ઘરના બારણે તાળું મારેલું ન હોય તો સારું!'



બારણાં બંધ હતાં, પણ અંદરથી. બહાર નાનું ફળિયું હતું. એક ઘટાદાર લીમડા નીચે કાથીનો ખાટલો ઢાળેલો હતો. પતરાના છાપરા નીચે એક લાલ ગાય બાંધેલી હતી. મકાન નાનું હતું, પણ પીળા રંગથી રંગાયેલી ભીંતો વડે દીપતું હતું. સહેજે આઘે આવેલા ખુલ્લા ખેતરમાં એક મંદિર જોઇ શકાતું હતું.

શેઠ ગિરધારીલાલે હળવાશપૂર્વક બંધ બારણાંની સાંકળ ખખડાવી; પછી તરત જ મોટા અવાજે પૂછી પણ લીધું, 'ઘરમાં કોઇ છે કે?'

જવાબમાં પહેલાં ખાંસી સંભળાણી. પછી પૂછપરછ : 'કોણ?'

શેઠ શું કહે?—'મહેમાન છીએ. અજાણ્યા છીએ.'

ખાંસી ફરીથી ખખડી ઊઠી, 'સરુ, બેટા! જો તો...! કો'ક આવ્યું લાગે છે.'

બે—ચાર ક્ષણો પ્રતીક્ષા અને ઉત્સુકતાના પડીકામાં કેદ થઇને પસાર થઇ ગઇ. બારણાં ઊઘડ્યાં. સામે એક નમણી, રૂપાળી, લજ્જાળું યુવતી ઊભેલી હતી.

ઓરડામાંથી પ્રશ્ન પુછાયો, 'સરુ, કોણ છે, દીકરી? જે હોય તેને ઘરમાં બોલાવી લે. બહાર તો ઊભાં રણ રે'વાય તેવું નથી.'

સરુ 'આવો ને!' કહીન એક બાજુએ સરકી ગઇ. ત્રણેય તિથિ વગરના અતિથિઓ ઘરમાં દાખલ થયા. શેઠ ગિરધારીલાલની નજર આમ તો ચકોર હતી, પણ ઓરડાના અંધકારથી ટેવાતા સહેજ વાર લાગી. અડધી—પોણી મિનિટના પસાર થાય પછી દૃશ્ય સ્પષ્ટ થયું.

એક ઓરડાનું મકાન હતું. સામેની બાજુએ બારણાં વિનાના

ખાંચામાં ખોબા જેવડું રસોડું હતું. એક ખાટલો હતો. એક જર્જરિત બાપ હતો. ભીંત પરની ખીંટી પર સફેદ ધોતી–સદરા લટકાતાં હતાં. એક તરફ લાકડાનું નાનું કબાટ પડ્યું હતું.અસબાબ ખૂબ ટૂંકો હતો, પણ ઘરમાં જે કંઇ હતું એના પર સ્વચ્છતાનો અને સુઘડતાનો હાથ ફરેલો હતો. શેઠ ગિરધારીલાલ ખાટલામાં બેઠેલા પુરુષને જોઇ રહ્યા. પુરુષ હતો તો પિસ્તાળીસનો પણ દેખાતો હતો પંચાવનનો. એનાં શ્વેત વસ્ત્રો, કૃશ કાય, જમણા ખભા પરની જનોઇ અને કપાળ પરનો ચાંલ્લો કહી આપતાં હતાં કે આ ઘર બ્રાહ્મણનું હતું.

‘હું પૂજારી છું. વ્રજલાલ કુબેરદાસ પંડ્યા. આ મારી દીકરી સરુ છે. સરસ્વતી.’ પછી બે–ચાર ખાંસીના ઠમકા અને પાછો પરિચયનો પ્રવાહ : ‘સરુની મા તો એને ધાવણી મેલીને મરી ગઇ હતી. મેં જ એને મોટી કરી…’

‘બાપુ! તમે જે આવે એની આગળ તમારી જ કેસેટ વગાડવા બેસી જાવ છો; મહેમાનને બેસવાનું નહીં કહો?’ સરસ્વતીનો પ્રેમાળ ઠપકો સંભળાયો.

પણ બેસવું ક્યાં? સરુ દોડીને ખૂણામાં ઊભી કરીને મૂકેલી પતરાંની ત્રણ ફોલ્ડિંગ ખુરશીઓ લઇ આવી. મહેમાનોને બેસાડ્યા. પછી પાણી લઇ આવવા માટે ગોળા તરફ વળી. ત્યાં એના પિતાની કેસેટ પુનઃ ચાલુ થઇ ગઇ, ‘મારી કોઇ બાંધેલી આવક ન હતી. ગામે મને વિનંતી કરી. આ શિવાલય અપૂજ પડ્યું હતું. મને મકાન બાંધી આપ્યું. હું બે વાર પૂજા–આરતી કરું છું. ગામ મને પાંચસો રૂપિયા આપે છે.’

પાણી લઇને સરુ આવી ગઇ. સાથે ઠપકો પણ લેતી આવી,



‘બાપુ, પહેલાં એ તો પૂછો કે મહેમાન આવા ટાણે…?’ શેઠજી મીઠું મલક્યા, ‘મારું નામ ગિરધારીલાલ. આ મારી પત્ની છે. અને આ દીકરો. સામાજિક કામ અંગે ગયા હતા. પાછા વળતાં ગાડીના ટાયરમાં ફટાકડો ફૂટ્યો. ખબર નથી કેટલો સમય રોકાવું પડશે. ગામમાં કોઇ હોટલ હશે?’

જવાબમાં બાપ–દીકરી એકસાથે હસી પડ્યાં. શેઠજી સમજી ગયા કે એમણે પૂછેલો સવાલ જ હસી કાઢવા જેવો હતો. પછી સરુ જ બોલી ગઇ, ‘હોટલો તમારા શહેરમાં હોય છે, અમારા ગામડામાં તો અમારાં ઘરો જ હોય છે. શેઠ સાહેબ, ભૂખ લાગી હશે ને? જમવાનું બનાવી કાઢું? ઝાઝીવાર નહીં લાગે.’

‘અરે, ના…ના…! અમે ગાડીમાં નાસ્તો સાથે લઇને જ નીકળ્યા છીએ….’ શેઠ બોલતા રહ્યા ને સરુ ખાંચા જેવા રસોડામાં દોડી ગઇ. ગેસ તો ક્યાંથી હોય? સ્ટવ પર એ રાંધવા લાગી.

‘મારી સરુ મા વગરની છે, પણ ઘરકામ બધું શીખી ગઇ છે. હમણાં ચપટી વગાડતાંમાં ભાખરીશાક બનાવી દેશે.’ પૂજારી પોરસાતા અવાજમાં બોલતા રહ્યા. શેઠજીનું અડધું ધ્યાન ઘરનું નિરીક્ષણ કરવામાં હતું, અડધું પૂજારીની વાતો સાંભળવામાં.

તૂટક તૂટક વાક્યો કાનમાં રેડાતાં રહ્યાં. મારી સરુ ભણવામાં પણ હોશિયાર. શહેરમાં રહેતી હોત તો મોટી અમલદાર બની ગઇ હોત. અહીં ગામડાની શાળામાં અવ્વલ નંબરે પાસ થતી હતી. બાજુના શહેરમાં એણે પી.ટી.સી. કર્યું. અત્યારે પાસેના મોટા ગામની શાળામાં શિક્ષિકાની નોકરી કરે

છે. અત્યંત ગુણિયલ છોકરી. હવે પરણવા જેવડી થઇ ગઇ છે. મુરતિયો શોધું છું. પણ એને લાયક છોકરો મળવો જોઇએ ને? સરુ જેવી સ્વરૂપવાન અને સંસ્કારી છોકરી જો શહેરમાં હોય તો કોઇ મોટા ખોરડાની શોભા બની જાય. પણ...અહીં વગડાંના ફૂલને....કોણ....?

ત્રીસ મિનિટમાં ભોજન તૈયાર થઇ ગયું. ત્રણ થાળીઓ પીરસાઇ ગઇ. ભૂખ કકડીને લાગી હતી. ફાઈવ સ્ટાર મહેમાનો હતા; સામે સેવન સ્ટાર આગ્રહ હતો. શેઠ પેટ ભરીને જમ્યા પછી અસાવધ પણે બોલી ગયા, 'રમા, એવું લાગે છે જાણે જિંદગીમાં પહેલી વાર આજે જમ્યાં! આપણા ઘરમાં રસોઇ બનાવવા માટે ત્રણ માણસો રાખ્યા છે, પણ આવો સ્વાદ કેમ નથી જણાતો?'

પૂરા ચાર કલાક પસાર થઇ ગયા. સરુ સાંજની રસોઇ બનાવવાની તૈયારી કરતી હતી, એટલામાં ડ્રાઈવર ડોકાયો, 'શેઠ સાહેબ, ગાડી તૈયાર છે. નીકળવું છે ને?'

સરુના બાપુ આગ્રહ કરી રહ્યા, 'રોકાઇ જાવ, મે'માન, રાતનું વાળુ કરીને જજો.'

હવે ગિરધારીલાલથી બોલ્યા વિના ન રહી શકાયું, 'વાહ! ભૂદેવ, વાહ! શી તમારા હૃદયની વિશાળતા છે! બપોરના ભોજન પછી મેં તીરછી નજરે જોઇ લીધું હતું કે તમારી દીકરી લોટનો ડબ્બો તપાસી રહી હતી. ઘરમાં માંડ બે ટંક રાંધી શકાય એટલાં દાળ—ચોખા બચ્યાં છે. તેમ છતાં તમે અમને વાળુ માટે રોકાઇ જવાનું કહો છો. વજુભાઇ સાચી વાત કરું? હું અમદાવાદનો જાણીતો વેપારી છું. લક્ષ્મી મારા ઉંબરે ઊભીને



તોરણની જેમ ઝૂલે છે. અમે બે દિવસથી એક ખાસ કામ માટે નીકળ્યા હતા. એકસાથે સાત—સાત કન્યાઓ જોવા માટે. એક પણ કન્યા અમારા મનમાં વસી નહીં. મને તો તમારી સરુ ગમી છે. જો તમે હા પાડો તો...'

રંક પૂજારી રડી પડ્યો, 'અરે, શેઠજી! આ શું બોલો છો? હું સાચું તો સાંભળી રહ્યો છું ને? આ સરુ તો મારી ઝૂંપડીમાં પાકેલું રતન છે. પણ એ તમારા બંગલામાં....?'

'હા, સરુ ભલે ઝૂંપડીમાં જન્મી હોય, પણ એનામાં મોટા મહેલનું અજવાળું બનવાની તાકાત છે. તમારી સરસ્વતી મારા ઘરની લક્ષ્મી બની રહેશે. મારે આવી જ વહુ જોઇતી હતી; સુંદર પણ અને સંસ્કારી પણ.'

(સત્ય ઘટના. ટાયર ફાટવા જેવી આકસ્મિક ઘટનામાંથી એક ગરીબ પૂજારીની ગુણગાન દીકરીનું બદકિસ્મત પણ ફાટી ગયું. કહેવાય છે ને કે દીકરી એનું નસીબ લઇને જન્મે છે!)


**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

# કરીએ નિત્ય નમન

—નિર્ભયરામ કા. વૈષ્ણવ

દયાળુ યોગેશ્વરજીને નમીને કરીએ,
કૃપાળુ સર્વેશ્વરી માતને નમીને કરીએ;
કરીએ અનંત કોટિવાર, નિત્ય નમન...નિત્ય નમન...
પ્રગટ્યા કળિકાળમાં આ અવનિ ઉરે,
છૂટવા જગ—જંજાળથી ભક્તો કેવા ઝૂરે?
વરસાવો કૃપા અમપર આપ હવે ખરે!
કરીએ ધરીને ધ્યાન, નિત્ય નમન...નિત્ય નમન....
બાહ્યાચારનો મટાડ્યો છે ખોટો આડંબર,
ભીતર ભાવનાનો ગર્જે છે મહાસમંદર;
સાધકો વિનવે છે કેવા તમોને નિરંતર!
કરીએ પૂજ્ય ભાવ ધરીને, નિત્ય નમન...નિત્ય નમન...
મંત્રમુગ્ધ કર્યા છે સંસારી જનોના મનને,
મૌન ધરી, અન્નતજી : તાર્યું કેવું તનને!
યોગીઓ અધ્યાત્મના, પાવન કરો જન—જનને;
કરીએ પુષ્પો ધરીને, નિત્ય નમન...નિત્ય નમન...
''નિર્ભય'' નાદ પરમતત્વનો આપે ગજાવ્યો,
ભોળા ભક્તજનોના પરમ વિશ્વાસને સમજાવ્યો,
શ્રેષ્ઠ સેવા દરિદ્રજનોની કરવાનો ધર્મ બનાવ્યો;
કરીએ નાના—મોટા મટીને, નિત્ય નમન...નિત્ય નમન...



# જપનો મહિમા

'હરિના મારગમાંથી'

જનાબાઇ મહારાષ્ટ્રના પ્રખ્યાત સંતભક્ત નામદેવ મહારાજનાં ધર્મપત્ની હતાં. પતિની જેમ એ પણ ભક્તિના રંગે રંગાયાં હતાં. આખો દિવસ, 'વિઠ્ઠલ—વિઠ્ઠલ'નો નામજપ ચાલુ જ રાખતાં.

જનાબાઇ છાણાં થાપે તે કોઇ ચોરી જતું. જનાબાઇએ પતિને ફરિયાદ કરી કે, 'છાણાં કોઇક ચોરી જાય છે.'

નામદેવે કહ્યું : 'છાણાં તો સર્વનાં સરખાં હોય. એમાં તારાં છાણાં કેવી રીતે ઓળખાય? અને તો ચોર કેમ કરીને પકડાય?'

જનાબાઇએ કહ્યું : 'મારાં છાણાં ઓળખાઇ જશે. મારું છાણું કાન પાસે ધરશો તો એમાંથી 'વિઠ્ઠલ—વિઠ્ઠલ' એવો ધ્વનિ સંભળાશે.

જનાબાઇ છાણાં થાપતાં, પણ 'વિઠ્ઠલ—વિઠ્ઠલ' જપ ચાલુ જ રાખતાં.

નામદેવે છાણું કાને ધરી જોયું. એમને ખાત્રી થઇ. છાણામાંથી 'વિઠ્ઠલ—વિઠ્ઠલ' ધ્વનિ સ્પષ્ટ સંભળાયો.

તેમણે જનાબાઇને કહ્યું : 'નામદેવ હું નહીં પણ તું છું.'

જનાબાઇ છાણાં થાપતાં થાપતાં એટલી તન્મયતાથી, 'વિઠ્ઠલ, વિઠ્ઠલ' નામનો જપ કરતાં કે જડ છાણાંમાંથી પણ જપનો ધ્વનિ નીકળતો. જપનો આવો અનેરો મહિમા છે.

જપ કરવાથી જન્મકુંડલીના ગ્રહો પણ બદલાઇ જાય છે, પ્રારબ્ધનો નાશ થાય છે. પ્રારબ્ધ તો જ્ઞાનીને પણ ભોગવવું પડે

છે. તેથી ફલિત થાય છે કે જ્ઞાન કરતાં પ્રારબ્ધ મોટું છે, અને પ્રારબ્ધ કરતાં પ્રભુનું નામ મોટું છે. કારણ, પરમાત્માના નામનો જપ પ્રારબ્ધને પણ ભૂંસી શકે છે. જે કામ જ્ઞાન કરી શકતું નથી તે નામ કરે છે. નિયમિતપણે નામજપ કરો.

પરમાત્માના મંગલમય નામનો જપ કરો. જપ કરવાની આદત પાડો. પરમાત્માના નામમાં નિષ્ઠા થવી કઠણ છે. નામસ્મરણ થતું હોય તો જીભ અટકી પડે છે. પાપ જીભને પકડી રાખે છે. શ્વાસે–શ્વાસે ભગવાનનું નામ લ્યો. ભગવાનનામ એ જ પરમાત્માનું સ્વરૂપ છે.

જપની વિધિમાં બે નિયમ સાચવજો. બ્રહ્મચર્ય પાળવું અને બીજો, કોઇનું ખાવું નહીં. પાંચ કરોડ જપ કરનારને જ્ઞાન મળે છે. કેવળ વાંચવાથી જ્ઞાનનો અનુભવ થતો નથી. પ્રાચીનકાળમાં સંતો ક્યાંય ભણવા ગયા હોય એવું એમના ચરિત્રમાં આવતું નથી. ભગવદ્ભક્તિથી ચિત્તની શુદ્ધિ થતાં, અંદરથી જ્ઞાનનું સ્ફુરણ થાય છે. પંડિત શાસ્ત્રની પાછળ દોડે છે, પણ સંતની પાછળ શાસ્ત્ર દોડે છે. તેર કરોડ જપ કરવાથી જીવ અને ઈશ્વરનું મિલન થાય છે. કળિકાળમાં આ સિવાય બીજો કોઇ ઉપાય નથી.

જે વસ્તુ ન દેખાય તેનું નામ પકડી રાખો તો નામમાંથી સ્વરૂપ પ્રગટ થશે. પરમાત્માનો જ્યાં સુધી પ્રત્યક્ષ સાક્ષાત્કાર થયો નથી, ત્યાં સુધી તે નામનો આશ્રય રાખે એને એક દિવસ જરૂર સાક્ષાત્કાર થાય છે.



# પ્રિયતમના સુખ માટે...

**'હરિના મારગ'માંથી સાભાર**

શ્રીકૃષ્ણ પરમાત્માએ ગોપી–પ્રેમનો મહિમા જગતને બતાવવા એક વખત લીલા કરી.

શ્રીકૃષ્ણ બીમાર પડ્યા. પરમાત્મા તો બીમાર શું પડે? પરંતુ એમણે એવું નાટક કર્યું. અનેક વૈદ્ય આવ્યા અનેક પ્રકારની દવાઓ પરમાત્માને આપવામાં આવી, પણ કોઇ દવા સફળ થઇ નહીં. પરમાત્માને સાજા થવું હોય તો સફળ થાય ને? અંતે સૌ થાક્યા. બહુ ચિંતાતુર થયાં.

ત્યારે પ્રભુએ વૈષ્ણવ ચરણરજ દવા તરીકે માગી. ભગવાને કહ્યું : 'કોઇ વૈષ્ણવ પોતાની ચરણરજ દવા તરીકે આપે તો રોગ જાય. બીજો કોઇ ઉપાય નથી.'

શ્રીકૃષ્ણની પટરાણીઓ પાસે ચરણરજની માગણી કરવામાં આવી. સૌ રાણીઓએ આંચકો અનુભવ્યો. 'પતિદેવની ચરણરજ તો લેવાની હોય, તેમને અપાય નહીં. પતિદેવને ચરણરજ આપીએ તો મોટું પાપ લાગે અને નરકમાં જવું પડે.'

નરકમાં જવા કોણ તૈયાર થાય? 'એવું પાપ અમારાથી ન થાય' કહી રાણીઓ છૂટી પડી

બીજાઓ પાસે ચરણરજની માગણી કરવામાં આવી, પણ કોઇ તેમ કરવા તૈયાર થયું નહીં.

અંતે વાત ગઇ ગોપીઓ પાસે. ગોપીઓએ તુરત જ કહ્યું : 'અરેરે, અમારા કૃષ્ણ બીમાર છે? એમની બીમારી જતી હોય અને એ સાજા થતા હોય તો અમે અમારા ચરણની રજ આપવા

તૈયાર છીએ. તેના બદલામાં અમારે જે કાંઇ દુઃખ ભોગવવાનું આવશે તે અમે ખુશીથી ભોગવીશું અમારા કનૈયાના સુખ માટે નરકની યાતનાઓ ભોગવવા પણ અમે તૈયાર છીએ. અમને નથી સ્વર્ગની અભિલાષા કે નથી મુક્તિની અપેક્ષા. શ્રીકૃષ્ણ–સેવા માટે, શ્રીકૃષ્ણના સુખ માટે જ અમારું જીવન છે.'

ગોપીઓએ પોતાની ચરણરજ આપી. શ્રીકૃષ્ણનો રોગ ગયો. સાચા નિષ્કામ પ્રેમની પરીક્ષા થઇ.

ઉદ્ધવજીએ પણ ગોપીપ્રેમ જોઇને કહ્યું હતું :

**એવં ભક્તિ : સકલભુવને નેક્ષિતા, ન શ્રુતાવ,**

**કિં શાસ્ત્રો વૈ : કિમિહ તપસા ગોપિકાભ્યો નમોડસ્તુ !**

'અરે, ઢગલાબંધ શાસ્ત્રોના જ્ઞાનથી કે તપથી પણ શું વળે? આવી ભક્તિ સકળ ભુવનમાં ક્યાંય જોઇ કે સાંભળી નથી. ગોપીઓને મારાં લાખ વંદન.'

ભક્તિ વિના જ્ઞાન અને વૈરાગ્ય મળતાં નથી. નિષ્કામ ભક્તિ ભગવાનને પ્રસન્ન કરે છે. ગોપીઓની જેમ નિષ્કામ ભક્તિ કેળવો.



# જીવન : એક ખેલ

**–'મારા ગુરુદેવ'માંથી સાભાર**

## (૧) શબ્દની શક્તિ

જે માણસ શબ્દની શક્તિને ઓળખે છે, તે વાતચીતમાં ઘણો સાવધ રહે છે. પોતાના ઉચ્ચારેલા શબ્દો વડે માણસ સતત પોતાને માટે નિયમો બનાવતો રહે છે. હું એક માણસને ઓળખું છું. તે હંમેશા કહેતો : 'હું જેવો સ્ટોપ પર પહોંચું કે હંમેશાં બસ ઊપડી જ ગઇ હોય છે.' એની દીકરી કહેતી : 'મેં કોઇ દિવસ બસ ગુમાવી નથી. જેવી હું સ્ટોપ પર પહોંચું કે બસ આવી જ હોય છે.' આવું વરસો સુધી ચાલેલું. એ બંનેએ પોતાના જુદા નિયમો બનાવેલા : એકે નિષ્ફળતાનો, બીજાએ સફળતાનો.

અંધશ્રદ્ધા કે વહેમ પાછળ આ જ માનસ કામ કરતું હોય છે. લોકો કેટલીક વસ્તુને શુકનિયાળ ને બીજી વસ્તુઓને અપશુકનિયાળ લેખતા હોય છે. પણ ખરી રીતે તો દરેક વસ્તુ પાછળ ભગવાનની શક્તિ જ આવી રહેલી હોય છે, અને તેથી કોઇ વસ્તુ અપશુકનિયાળ નથી, કશું જ અનિષ્ટ નથી. મારી એક મિત્રને નિસરણી હેઠળથી ચાલતાં ખૂબ ડર લાગતો. મેં તેને કહ્યું, 'તું ભય પામે છે તેનો અર્થ એ કે તું બે સત્તામાં માને છે : શુભની અને અશુભની. પણ પરમાત્મા એક જ છે, તે શુભ છે. માણસ પોતે પોતાના ખ્યાલથી અશુભ ઊભું કરે છે. અશુભની પોતાની કોઇ શક્તિ નથી, તેવું તું માનતી હોય તો નિસરણી હેઠળથી ચાલી જો.' ત્યાર પછી તરતમાં તેને બેન્કમાં જવાનું થયું. સેફ ડિપોઝિટ વૉલ્ટમાં તેને પોતાનું ખાતું ઉઘાડવું હતું. પણ વચ્ચે નિસરણી મૂકેલી હતી. તે ભયથી પાછળ રહી ગઇ, ને બહાર નીકળી આવી. રસ્તા પર

ચાલતાં તેને મારા શબ્દો યાદ આવ્યા અને તે પાછી ગઇ. તેણે નિસરણી હેઠળથી જવાનો નિશ્ચય કર્યો. આ તેના માટે એક મોટી ક્ષણ હતી. કારણ કે આખી જિંદગી તે આ ભયમાં પકડાયેલી હતી. તે પોતાના ખાના તરફ જવા આગળ વધી અને આશ્ચર્ય! નિસરણી ત્યાં હતી જ નહીં. આવું ઘણી વાર બને છે. માણસને જેનો ભય લાગે તે કરવાનું તે નક્કી કરે, તો પછી તે બાબત ત્યાં રહેતી જ નથી. આ અ–વિરોધનો નિયમ છે, જેને બહુ ઓછા લોકો સમજે છે. ભયની સ્થિતિનો નિર્ભયતાથી સામનો કરો, અને સામનો કરવા માટે પરિસ્થિતિ રહેતી જ નથી. પોતાના જ વજનથી તે તૂટી પડે છે. ઉપરના કિસ્સાનો ખુલાસો એ છે કે ભયને કારણે એ સ્ત્રીના માર્ગ પર નિસરણી આકર્ષાઇ હતી, નિર્ભયતાએ એને હટાવી દીધી. આમ, 'ન દેખાતાં પરિબળો' માણસની જાણ બહાર કામ કરતાં હોય છે. શબ્દોની આંદોલનાત્મક શક્તિને લીધે માણસ જે કોઇ શબ્દબદ્ધ કરે, તે તેના ભણી આકર્ષાઇ આવે છે. માણસ એક વાર શબ્દની શક્તિ સમજે, પછી તે શબ્દો વિશે અસાવધ રહી શકતો નથી. મારી એક મિત્ર ઘણી વાર ફોન પર કહે છે : 'તું આવ તો આપણે ગપ્પાં મારીશું.' આ 'ગપ્પાં' એટલે પાંચસોથી હજાર વિનાશક શબ્દોનો એક કલાક, જેમાં દુઃખ, રોદણાં, માંદગીની જ વાતો મુખ્યત્વે હોય છે.

એક જૂની કહેવત છે કે માણસે પોતાના શબ્દો ત્રણ હેતુઓ માટે વાપરવા જોઇએ : સાજા કરવા, આશીર્વાદ આપવા અથવા સમૃદ્ધ થવા. તે કોઇનું 'ખરાબનસીબ' ઇચ્છે, તો પોતાના માટે જ ખરાબ નસીબ નોતરે છે. સફળતા ઇચ્છે તો પોતાની જ સફળતા ભણી આગળ વધે છે. સ્પષ્ટ દર્શન અને ઉચ્ચારિત શબ્દો વડે શરીરનો કાયાકલ્પ કરી શકે છે અને રોગ સંપૂર્ણપણે ભુંસાઇ જાય છે. શરીરને



સાજું કરવા માટે મનને સાજું કરવું જોઇએ. આ મન એટલે અર્ધજાગ્રત ચિંતા જેને 'ખોટા વિચારો'થી સદા બચાવતા રહેવું જોઇએ. બધી માંદગી અને દુઃખ પ્રેમના નિયમનો ભંગ કરવામાંથી આવે છે, એમ કહીએ તો ખોટું નથી. રંગભૂમિ પર કામ કરતી એક સફળ અભિનેત્રીને તેના જૂથના એક દ્વેષી માણસને લીધે કામમાંથી રજા મળી. તેનું મન એ માણસ પ્રત્યે ગુસ્સા ને ધિક્કારથી ભરાઇ ગયું. પણ તેણે કહ્યું : 'ઓ ભગવાન, એ માણસને હું ધિક્કારવા લાગું એવું ન થવા દેતો.' કલાકો સુધી એકાંતમાં તેણે આ ભાવ ઘૂંટ્યો. તેના હૃદયમાં એ માણસ પ્રત્યે, પોતાની જાત પ્રત્યે, દુનિયા પ્રત્યે શાંતિનો ભાવ પથરાયો અને ત્રીજા દિવસે તો, તેને ઘણા દિવસથી પીડતા ત્વચારોગનો પણ અંત આવ્યો.

સતત ટીકા કરવાથી રૂમેટિઝમ–સંધિવા થાય છે. અસંવાદી ટીકાભર્યા વિચારો લોહીમાં અકુદરતી દ્રવ્યો જમા કરે છે જ. સાંધાઓમાં સ્થિર થઇ રહે છે. ઈર્ષ્યા, ધિક્કાર, ક્ષમાનો અભાવ, ભય વિવિધ રોગો જન્માવે છે. ક્ષમાશીલતાનો અભાવ એ રોગનું બહુ મોટું કારણ હોય છે. એ નસોને કે લિવરને સખત બનાવી દે છે, આંખની દ્રષ્ટિને અસર કરે છે. આથી જાગ્રત પ્રબુદ્ધ માણસ પાડોશીઓ પ્રત્યેના પોતાના વ્યવહારને સંપૂર્ણ સુંદર બનાવવાનો પ્રયત્ન કરે છે. તે દરેક ભણી શુભેચ્છા ને આશીર્વાદ પ્રસારે છે અને તમે જો કોઇ માણસ પ્રત્યે આશીર્વાદનો ભાવ સેવો, તો તે માણસ તમારું ક્યારેય નુકશાન કરી શકતો નથી. ટૂંકમાં પ્રેમ અને શુભેચ્છા અંદરના શત્રુઓનો નાશ કરે છે અને તેથી બહાર પણ કોઇ શત્રુઓ રહેતા નથી. કારણ જેવું અંદર હોય છે તેવું જ બહાર હોય છે.

**(૨) બોજો ફેંકી દો**

જીવનની લડાઇઓ લડવાનું કામ માણસમાં જે ભગવત–મન

રહેલું છે, તેને સોંપાયેલું છે. માણસે પોતે તો માત્ર શાંત બની રહેવાનું હોય છે, પ્રતીક્ષા કરવાની હોય છે. તેનું તર્કબુદ્ધિ ધરાવતું મન તો ઘણું મર્યાદિત હોય છે. ભય ને શંકાથી ભરેલું હોય છે. આથી તેણે પોતાનો બોજો ભગવત—મનને સોંપી દઇ; હળવા થઇ જવું જોઇએ. પોતાનો બોજો પોતે ઊંચકવો, એ નિયમનો ભંગ છે. એક સ્ત્રી વર્ષોથી દુનિયા પ્રત્યે નફરતનો બોજો લઇને ફરતી હતી. તેણે એક દિવસે કહ્યું, 'મારો આ બોજો હું અહીં બેઠેલા ભગવાનને સોંપી દઉં છું.' સર્વશક્તિમાન ભગવત—ચેતનાએ એના અર્ધજાગ્રત મનને પ્રેમથી ભરી દીધું અને તેનું આખું જીવન જ પલટાઇ ગયું.

પરમ ચેતના સમક્ષ આ નિવેદન ફરી ફરી, ઘણી વાર તો કલાકો સુધી મૌનપણે અથવા મોટેથી નિશ્ચયાત્મકતાથી કરતા રહેવું જોઇએ. મેં નોંધ્યું છે કે બોજો ફેંકી દીધા પછી થોડા વખત પછી આપણી દૃષ્ટિ ચોખ્ખી બને છે. હું મારો બોજો ભગવાનને સોંપી મુક્ત થાઉં છું. એમ ફરી ફરી કહેતાં દૃષ્ટિની સ્પષ્ટતા અને હળવાશ અનુભવાય છે અને થોડા જ વખતમાં 'શુભ'નો મૂર્ત સ્વરૂપમાં આવિર્ભાવ થાય છે—પછી એ આરોગ્ય હોય, આનંદ હોય કે સાધનસામગ્રી હોય. ઘણીવાર મોટો અવિષ્કાર થતાં પહેલાં બધું જ અવળું પડતું હોય એમ ભાસે છે, ઊંડી હતાશા મનને ઘેરી વળે છે પણ એ તો અર્ધજાગ્રત મનમાં લાંબા સમયથી ઘરબાયેલાં પડેલાં ભય ને શંકા સપાટી પર આવવાને કારણે બને છે અને એ સપાટી પર નાબૂદ થવા માટે જ આવ્યાં છે. કોઇ કદાચ પૂછે : 'આ અંધારામાં ક્યાં સુધી રહેવું પડે? મારો જવાબ છે : 'અંધારામાં જોઇ શકીએ' ત્યાં સુધી.' અને બોજો ફેંકી દેવાથી માણસ અંધારામાં પણ જોઇ શકે છે. અર્ધજાગ્રત મન પર કોઇ પણ બાબત અંકિત કરવા માટે સક્રિય શ્રદ્ધા હંમેશાં ખૂબ જરૂરી છે.

કશીક ગેરસમજને કારણે એક સ્ત્રી અને તેના પતિ છૂટાં પડી



ગયાં હતાં. સ્ત્રી તેના પતિને ખૂબ ચાહતી હતી, પણ પતિ સમાધાન માટે કેમેય તૈયાર થતો નહોતો. તે તો તેની સાથે વાત કરવાનો જ ઇન્કાર કરતો. આધ્યાત્મિક નિયમની તે સ્ત્રીને જાણ થતાં તેણે જુદાઇની પરિસ્થિતિનો જ ઇન્કાર કર્યો. તેણે કહ્યું, 'ભગવત ચેતનામાં કોઇ જુદાઇ નથી, જે પ્રેમ અને સાથ દિવ્ય ચેતનાએ મારે માટે નિર્મ્યાં છે તેનાથી મને કોઇ અલગ કરી શકે નહીં.' તેણે આ બાબતમાં સક્રિય શ્રદ્ધા દર્શાવી, રોજરોજ તે જમવાના ટેબલ પર તેના પતિ માટે જગ્યા રાખતી, અને એ રીતે અર્ધજાગ્રત મન પર પતિના પાછા ફરવાનું ચિત્ર અંકિત કરતી. એક વર્ષ વીતી ગયું. તે શ્રદ્ધામાંથી જરા પણ ડગી નહીં, અને 'એક દિવસ તે ઘરે આવ્યો.' અર્ધજાગ્રત મન પર પ્રભાવ પાડવા માટે સંગીત પણ એક વિશેષ સાધન છે. સંગીતના લય અને સંવાદ સાથે આવતા શબ્દો ઘણા શક્તિશાળી બની જાય છે.

સુખ અને શાંતિ પામવા માટે માણસે પોતાના અર્ધજાગ્રત મનમાંથી બધા ભય ભૂંસી નાંખવા જોઇએ. માણસના પોતાના ભયને લીધે જ વસ્તુ ભયાનક બનતી જાય છે. માણસે પોતાનું દરેક કાર્ય તે ભયમાંથી ઉદ્દભવે છે કે શ્રદ્ધામાંથી, તે તપાસતા રહેવું જોઇએ. કોઇ વાર માણસને વ્યક્તિનો ભય લાગતો હોય છે. એવે વખતે જેનાથી ભય લાગતો હોય તે લોકોને મળવાનું ટાળવું નહીં. પ્રસન્નતાથી તેમને મળવું. તેઓ કાં તો તમારા 'શુભ'ની સાંકળમાં એક સોનેરી કડી બનશે કે પછી અનાયાસ તમારા માર્ગમાંથી ખસી જશે. રોગ કે જંતુનો ભય લાગતો હોય તો રોગભરપૂર પરિસ્થિતિમાં નિર્ભય થઇને વિચરવું. તમે રોગથી અસ્પર્શ રહેશો. તમારાં આંદોલનો અને જંતુનાં આંદોલનો સમાન સ્તરે ચાલતાં હોય તો જ તમને જંતુઓ ત્રાસરૂપ બની શકે છે અને જંતુની ભૂમિકાએ માણસને ખેંચી જનાર વસ્તુ છે ભય.